Saturday
19.04.2025
✳Volume :9 ✳ Issue No.275
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ક્રેડાઈની 'ચેન્જઓફ ગાર્ડ સેરેમની-૨૦૨૫' યોજાઈ

ક્રેડાઈ નેશનલના નવા પ્રમુખ તરીકે શ્રી શેખર પટેલ તેમજ નવીન એક્ઝિક્યુટિવ કાઉન્સિલની વરણી

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ

- ક્રેડાઈનો આજનો અવસર 'ધ બિગ શિફ્ટ - ફોર ધ લીડર્સ, બાય ધ લીડર્સ'ના કાર્યમંત્રને વડાપ્રધાનશ્રી અને ગૃહમંત્રીશ્રીના દિશાદર્શનમાં સાકાર કરનારો અવસર
- ક્રેડાઈની કલ્પના મુજબ પ્રોજેક્ટ ગ્રણ વર્ષમાં પૂર્ણ થાય તે માટે રાજ્ય સરકાર સહયોગ કરવા તત્પર
- વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના વિઝન સાથે 'દરેકને ઘર' આપવાના લક્ષ્યને ક્રેડાઈ સાથે જોડાયેલા હજારો ડેવલપર્સ વેગ આપી રહ્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ક્રેડાઈ નેશનલની નવીન ટીમને શુભેચ્છા સંદેશ પાઠવ્યો

કમલમ્,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશા 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ને પ્રાધાન્ય આપીરહ્યા છે ત્યારે ગુજરાતસરકાર પણ નિયમ મુજબ નિયતસમયમાંબાંધકામના પ્લાન મંજૂર કરવા તૈયાર છે. ક્રેડાઈનીકલ્પના મુજબ પ્રોજેક્ટ ત્રણ વર્ષમાં પૂર્ણ થાય તે માટે રાજ્ય સરકાર સહયોગકરવા તત્પર છે. ક્રેડાઈ તેની નવીન નેશનલ કમિટીમાં ભારતના દરેક ભાગમાંથી એક - એક હોદેદારને જવાબદારી આપીને વડાપ્રધાનશ્રીની એક ભારત, શ્રેષ્ઠ ભારત'નીકલ્પનાને સાકાર કરી રહ્યું છે તેમમુખ્યમંત્રીશ્રીભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે ક્રેડાઈની 'ચેન્જઓફ ગાર્ડ સેરેમની-૨૦૨૫' યોજાઈ હતી. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ક્રેડાઈ નેશનલના નવીન પ્રમુખ સહિત સમગ્ર ટીમને વીડીયોમેસેજ દ્વારાશુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વિશ્વનેતા અને યશસ્વીવડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કર્મઠ ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહનીજોડીએ ચેન્જ ઓફ ગાર્ડથી કેટલાસ્કેલઅને સ્પીડનો વિકાસ થઈ શકે તે દેશ અનેદુનિયાને બતાવ્યું છે. ક્રેડાઈનો આજનો અવસર 'ધ બિગશિફ્ટ - ફોર ધ લીડર્સ, બાય ધ લીડર્સ'ના કાર્યમંત્રને વડાપ્રધાનશ્રી અને ગૃહ મંત્રીશ્રીના દિશાદર્શનમાં સાકાર કરનારોઅવસર છે. ક્રેડાઈ એ હંમેશા પોલિસી મેકર્સ, ઈન્વેસ્ટર્સ, નાણાંકીય કંપનીઓ, ગ્રાહકો અને રિયલ એસ્ટેટના વ્યવસાયિકો સહિતના તમામ સ્ટેક હોલ્ડર્સને સાથે રાખીને રિયલ એસ્ટેટ ઉદ્યોગને સંગઠિત રાખ્યો છે ત્યારે આ નવી ટીમ પણ ડેવલપર્સ અને તમામ સ્ટેકહોલ્ડર્સ વિન-વિન સિચ્યુએશન સાથે કામ કરીને રિયલ એસ્ટેટ સેક્ટરની પ્રગતિને વધુ નવી દિશા આપશે તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ સૌના સાથ, સૌના વિકાસનો કાર્યમંત્ર આપીને ગરીબ, મધ્યમવર્ગ, છેવાડાના માણસોના આહાર, આવાસ, આરોગ્ય અને અભ્યાસની ચિંતા કરી છે. ક્રેડાઈ, જેવી સંસ્થાઓને પણ હેન્ડ હોલ્ડિંગથી આવા વિકાસકાર્યોમાં તેમણે જોડી છે. વડાપ્રધાન શ્રીના વિકસિત ભારતનાવિઝન સાથે 'દરેકને ઘર' આપવાના લક્ષ્યને ક્રેડાઈ સાથે જોડાયેલા હજારો ડેવલપર્સ વેગ આપીરહ્યા છે. અર્બન વિસ્તારોમાં વસવાટ કરતા શ્રમિકોઅને નબળા વર્ગના નાગરિકોમાટે સન્માનજનક અને સસ્તા ભાડા સાથેના આવાસ ઉપલબ્ધ કરાવવા માટે વડાપ્રધાનશ્રીનામાર્ગદર્શનમાં નવી પહેલપણ થઈછે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીની આવાસ યોજનાઓમાં રિયલ એસ્ટેટ સેક્ટર સક્રિય ભૂમિકા ભજવેછે. ક્રેડાઈએ રાષ્ટ્રીય સ્તરે પાંચ વર્ષમાં ૨૫ શહેરોમાં ૧૦ લાખ બાંધકામ કામદારોને કૌશલ્ય વિકાસનું નિર્માણ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે તે પણ પ્રશંસનીય છે. વડાપ્રધાનશ્રીએ આ દિશામાં દેશવાસીઓને સ્વૈચ્છિક સામાજિક જવાબદારીના ભાગરૂપે 'કેચ ધ પેડ માં કે નામ' દ્વારા જળસંચય કરવા, 'એક પેડ માં કે નામ' દ્વારા ગ્રીન કવર વધારવા, સ્વચ્છતા અને સ્વસ્થતા માટેના અભિયાનો તથા પ્રાકૃતિક ખેતી અને ગરીબોને સહાયતા, વોકલ ફોર લોકલના

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં માર્ગદર્શન અને નેતૃત્વમાં અને દેશના પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના વડપણ તળે ભારત સરકારનું ક્રાંતિકારી કદમ– દિલીપ સંઘાણી

સહકારીતા અને યુવાનોનું સ્વર્ણિમ ભવિષ્ય ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય - બીજ વાવશે, ઉગશે અને ઉગારશે– દિલીપ સંઘાણી

આ વિશ્વવિદ્યાલય સમગ્ર સહકારી ક્ષેત્રને વધુ વ્યાવસાયિક અને અસરકારક બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે – દિલીપ સંઘાણી

આ વિશ્વવિદ્યાલય ભારતમાં સહકારી આર્થિક આંદોલનને સુવર્ણ યુગમાં પ્રવેશ અપાવનાર ઐતિહાસીક કદમ સાબીત થશે – દિલીપ સંઘાણી

કમલમ્,

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં દેશના પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ નવાસહકાર મંત્રાલય ની જવાબદારી સંભાળી રહ્યા છે. ભારતમાં સહકારી આંદોલનને નવી દિશા આપવી અને યુવાનોમાટે રોજગારીનાનવા અવસરો ઊભા કરવાના હેતુથી ભારત સરકાર "ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય" ની સ્થાપનાનું સૂચન કર્યું હતું. આજે એ સપનું સાકાર થયું છે, કારણ કે "ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય બિલ" લોક સભા અને રાજ્યસભાબંનેમાપાસથઈ ચુક્યું છે. વધુમાં આ વિશ્વવિદ્યાલયના કાર્યકારી કુલપતિની પણ નિમણુક થઈ ગયેલ છે. આ વિશ્વવિદ્યાલય માત્ર સહકારી શિક્ષણ, સંશોધન અને તાલીમને વેગ આપશે એટલું જ નહીં, પણ સમગ્ર સહ કારી ક્ષેત્રને વધુ વ્યાવસાયિક અને અસરકારક બનાવવામા પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. સમગ્ર વિશ્વ સહકારીતાનો શ્વાસોશ્વાસ થી સભર છે, સહકારના ઉદ્ગમને પીછાણવાનો પ્રયાસ પૂર્ણ હોય પણ ન શકે તેમછતા સને ૧૯૦૪ માં ઔપચારીક સમિતિઓના ગઠન સાથે નિતી–નિયમોનાપ્રારંભનો પથકહી શકાય. ભારત પાસે સહકારીતાનો જૂનો અને મજબૂતવારસો છેજે દેશના વિકાસને અને સામાજીક જીવનધોરણને સ્પર્શે. સહકારી પ્રવૃતિ લોકાભિમુખ જરૂર છે, યુવા શક્તિને આકર્ષતી રહી છે,બદલાવ ઈચ્છીરહેલ છે. સહકાર સામાજીક ઉત્થાનનુ અંગ છે અને તેથી આપણા જનપ્રિય પ્રધાનમંત્રી માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રી માન. શ્રી અમીતભાઈ શાહ ભારતની સહકારીપ્રવૃતિને ભારઆપીરહ્યાછે. તેમના કુશળ અને સક્ષમ નેતૃત્વમાંઆઝાદીના ૭૫ વર્ષ બાદ દેશની સર્વ પ્રથમ "ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય" ની સ્થાપના ગુજરાતની ભૂમિ ઉપરસાકાર થવાજઈ રહેલ છે તે બદલ સરકાર અને સહકાર અભિનંદનિય છે. આક્ષેત્ર આપણું સૌનું છે આપણે સૌ તેમા સંકળાયેલ છીએ.... સમાયેલ છીએ.... સહયોગી છીએ.... વ્યાવસાયીક શિક્ષણની ઉણપ ને કારણે યુવાનો સહકારની નજીક આવી શકતા ન હોવાથી આ ઉણપ દૂર કરવા ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય યુવાનોને સહકારી તાલીમ,પ્રચાર, શિક્ષણ, માર્કેટિંગ, પ્રોજેક્ટ શિક્ષણ, મંડળી વ્યવસ્થાપન વિગેરેનું જ્ઞાન આ વિશ્વવિદ્યાલયમા મેળવી શકશે. યુવા તાલીમ ના માધ્યમ થી સહકાર ક્ષેત્ર હવે કોર્પોરેટ સેકટર સાથે વ્યવસાયીક તાલમેલ સાધવા સક્ષમ બની રહેલ છે તેનું એકમાત્ર કારણ સહકાર ને વેગ અને સહકારમા યુવાનોનું પદાપણ છે. ગુજરાતનીસહકારી પ્રવૃતિ અનેક દિવંગત અને વર્તમાન મહાનુભાવોની પ્રવૃતિથી ઓજસ્વી છે તેમા હવે ભારતનીયુવાપ્રતિભાઓ સહકારી ઠિગી પ્રાપ્ત કરવાનુંમાધ્યમ પણઆ વિશ્વવિદ્યાલય બની રહેશેજેનો આનંદ ગુજરાતી હોવાના નાતે અનહદ થાય છે. પ્રાચીન કૌટિલ્યના અર્થશાસ્ત્રમા સહકાર એ ગામડાનું નાણું તરીકે ઓળખાય છે. સહકારી અને સાર્વજનીક વિકાસમા યુવાનોને હિસ્સેદાર બનાવવા તેમને પડતી અનેક મુશ્કેલીઓ માંથી બહાર લાવવા અને સ્વાવલંબી જીવનશૈલી આત્મનિર્ભર વ્યવસાય માટે પ્રયાસ ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય "સહકાર થીસમૃધ્ધિ" માર્ગબનશેજેમા પશુપાલન, ફૂડી,મત્સ્યોદ્યોગ, મધ ઉછેર અને ગૃહઉદ્યોગજેવીઅનેક પ્રવૃત્તિઓદ્વારા ગ્રામ્ય વિસ્તારમા જાગૃતિ ઠંળવી શકાશે. જેના થકી અસંખ્ય યુવાનો પગભર બની રહેશે વિશ્વવિદ્યાલયના ઠિગી શિક્ષણમા યુવાનોની સામેલગીરી સહકારને નવી શક્તિ પ્રદાન કરશે. ભારત સરકાર નુંલક્ષ્ય છે – વિકસિત ભારત ૨૦૪૭. આ ઉદ્દેશ પ્રાપ્ત કરવા સહકારી ક્ષેત્રમહત્વપૂર્ણ સહયોગ આપશે. ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય સહકારી આંદોલન માટે એક ઐતિહાસિક પગલું સાબિત થશે. આ વિશ્વવિદ્યાલય સહકારી શિક્ષણને એકનવી ઊંચાઈ સુધીલઈ જશે, જેના કારણે સહકારી સંસ્થાઓનું કાર્ય વધુ વ્યવસાયિક, આધુનિક અને અસરકારક બન શે. ૧૯૨૧ મા આંધ્રપ્રદેશમાં ગાંધીજીની મુલાકાત બાદ દુગાંબાઈ ના પરિવારે હાથે વણેલી ખાદી પહેરવાનું શરૂ કર્યું,સ્વદેશીકપડાતૈયાર થયા,લોકોખરીદી કરવાલાગ્યા, ગામડાને રોજગારીમળીઅને સ્વદેશી કપડા એટલા પ્રસિધ્ધ થયા કે કાપડ ઉત્પાદન કરતી વિદેશી કંપની દુગાબાઈને મળીને તેમનામાંથી પ્રેરણા મેળવી. આ છે ગુજરાતની શક્તિશાળી સહકારી પ્રવૃત્તિ જને હવેસમગ્ર દેશમાંનવી દિશા આપવાનું કામ કરશે વિભુવન સહકારી વિશ્વવિદ્યાલય. અમૂલ, ઈફકો, ગુજકોમાસોલ વિ. જેવી સંસ્થાઓ સહકારી આંદોલનના સફળ ઉદાહરણો છે. ભારત વૈશ્વિક નેતા તરીકે ઉભરી આવીરહ્યું છેત્યારે ત્રિભુવનવિશ્વના અન્ય દેશોના વિકાસ માટે એક પ્રેરણા દાયી માળખા તરીકે સહકાર કામ કરીરહેલ છે. માનનીય પ્રધાનમંત્રી નું સુત્ર "સહકાર થી સમૃધ્ધી" ભારત સહિત વિશ્વસ્વિકૃત બન્યું છે. દેશની સર્વપ્રથમસહકારી વિશ્વવિદ્યાલય યુવા શક્તિમા સહકારી શિક્ષણના બીજ રોપણે જે લાંબાગાળે ઉગશે અને આપણને ઉગારશે.

મંત્રથી સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની અને યોગ તથા રમતગમતને જીવનનો ભાગ બનાવી રોગમુકત જીવનશૈલી બનાવવા ભવિષ્યનીપેઢીને આજથી બહેતર જીવન આપવજેવા સંકલ્પો પણ આપ્યાછે જેને ચરિતાર્થ કરવા મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત સૌને આહવાન કર્યું હતું. ક્રેડાઈના નવા પ્રમુખ શ્રી શેખર પટેલ સહિત નવ નિયુકત હોદેદારો અને સમગ્ર ક્રેડાઈ ટીમને મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે અભિનંદન પાઠવ્યા હતા. ક્રેડાઈના નવ નિયુકત પ્રમુખ શ્રી શેખર પટેલે નવીન જવાબદારી બદલ સૌનો આભાર માનતા કહ્યું હતું કે, મુખ્ય મંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ટીમ ગુજરાત નાગરિકોના હિતમાં નવી પોલિસી બનાવવા અને અમલી પોલિસીમાં હકારાત્મક સુધારો કરવા સતત તત્પર હોય છે. તાજેતરમાં રાજય સરકારે મહેસુલ અંતર્ગત બીન ખેતીની મંજૂરીમાંલાગતા સમયમાં ઘટાડા સહિત વિવિધ વિભાગોમા નીતિગત સુધારા-નિર્ણયો કર્યા છે. સુરક્ષિત, સંગઠીત અને સમૃદ્ધ રાષ્ટ્ર નિર્માણમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી શ્રી અમિત શાહનું અમૂલ્ય યોગદાન રહ્યું છે. તેમણે કહ્યું હતુંકે, વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા રિયલ એસ્ટેટ મહત્વની ભૂમિકા ભજવીરહ્યું છેત્યારે ક્રેડાઈ ઈન્ડિયા આગામી પાંચ વર્ષમાં અંદાજે ૧૦ લાખ બાંધકામ કામદારોને કૌશલ્ય પૂરું પાડવા તાલીમ સંસ્થાની સ્થાપના કરશે. આ ઉપરાંત, ક્રેડાઈ ગ્રીન ઈન્ડિયા કાઉન્સિલ, ક્રેડાઈટેક અેનાલીસીસ સેન્ટર, ઈઝઅેન્ડકાસ્ટ ઓફ ડુઈંગ બીઝનેસ, અફોર્ડેબલ હાઉસીંગ ૨.૦ જેવાપ્રોજેક્ટ ક્રેડાઈ નેશનલ દ્વારા આગામી પાચ વર્ષમાં પૂણ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. ક્રેડાઈ નેશનલના પૂર્વ પ્રમુખ અને વર્તમાન ચેરમેન શ્રી બોમેન ઈરાનીએ જણાવ્યું હતું કે, ક્રેડાઈ તેની ૨૫ વર્ષની સફરમાં ૨૪ રાજ્યોમાં ૨૪૦ યુનિટ સાથે ૧૩,૦૦૦ સભ્યો ધરાવે છે. ભારતના જીડીપીમાંરિયલ એસ્ટેટ અંદાજે ૧૫ ટકાથીવધુનું યોગદાન આપી રહ્યું છે. વડાપ્રધાનશ્રીના હાઉસફોર ઓલના સ્વપ્નને સાકાર કરવા ક્રેડાઈ પણ સહયોગ આપી રહ્યુંછે. નવાપ્રમુખ તરીકે શ્રી શેખર પટેલ અને સમગ્ર ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી. ક્રેડાઈ નેશનલના પૂર્વ પ્રમુખ અને વર્તમાન ચેરમેન શ્રી મનોજ ગૌરે કાર્યક્રમ ઉપસ્થિત સૌને આવકારીનેમની બેવર્ષની સફરની વિશેજણાવતાકહ્યું હતુંક, ક્રેડાઈએ તેની સ્થાપનાથી લઈને ૨૫ વર્ષમાં ખુબ જ સુંદર કામગીરી કરી છે. આગામી સમયમાં નવી ટીમ પણ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં કામગીરી કરશે. ક્રેડાઈના નવા સેક્રેટરી શ્રી ગૌરવ ગુમાએ આભાર વિધિ કરી હતી. મુખ્યમંત્રીશ્રીસહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં ક્રેડાઈની પરંપરા મુજબ નિવૃત્ત થતા પ્રમુખ શ્રી બોમન ઈરાની દ્વારા નવીન પ્રમુખ શ્રીશેખર પટેલનેબેટન સોંપવામા હતી. આ સેરેમની દરમિયાન ક્રેડાઈ નેશનલ ટીમ જેમાં વર્ષ ૨૦૨૫-૨૭માટેની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને કમિટીની પણ જાહેરાત કરવામાંઆવી હતી. આ ઉપરાંતમહાનુભાવોની ઉપસ્થિતિમાં 'મારું અમદાવાદ' પુસ્તક તથા 'ગ્રીન બિલ્ડિંગ' અંહે વાલનું વિમોચન તેમજ સ્કિલ ડેવલપમેન્ટ અંગેક્રેડાઈ, NSDC અને QCI વચ્ચે MoU પરહસ્તાક્ષર કરવામ આવ્યા હતા. ક્રેડાઈ નેશનલની નવીન ટીમ તરીકે આગામી સમયમાં કાર્ય કરનાર પ્રમુખ શ્રી શેખર પટેલ, ઉપપ્રમુખ શ્રી આશિષ પટેલ તેમજ સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરી,ખજાનચીસહિતહોદેદારોનો વિસ્તૃતપરિચય કરાવવામાંઆવ્યા હતો. આ પ્રસંગે પત્રકારો અને ઉદ્યોગપતિ શ્રી પંકજ પટેલ, રાજયસભા સાંસદ શ્રી પરિમલ નથવાણી, અમદાવાદ મેયર શ્રી પ્રતિમાબેન જૈન, ધારાસભ્યશ્રીઓ, ક્રેડાઈ ઈન્ડિયાનાહોદેદારો, સભ્યો સહિત મોટી સંખ્યામાં બાંધકામ ક્ષેત્ર સાથેસંકળાયેલા ઉધોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

ભારતીયપુરાતત્ત્વીય સર્વેક્ષણ (એએસઆઈ)એ એ જાહેરાત કરતાં આનંદ વ્યક્ત કર્યો છે કે, ૧૮ એપ્રિલનાં રોજ વૈશ્વિક સ્તરે ઉજવવામાં આવતા 'આંતરરાષ્ટ્રીય સ્મારક અને સ્થળ દિવસ'નાં પ્રસંગે સમગ્ર ભારતમાં એએસઆઈ સ્મારકોની મુલાકાત લેવા પર કોઈ ફી લેવામાં આવશેનહીં. આ પહેલનો હેતુમુલાકાતીઓને ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની શોધખોળ માટે પ્રોત્સાહિત કરવાનો છે. તેના સંરક્ષણ હેઠળ ૩,૬૯૮ સ્મારકો અને સ્થળો સાથે, એએસઆઈ દેશના ઐતિહાસિક વારસા અને સ્થાપત્યની અજાયબીઓ સાથે ફરીથી જોડાવાની આ તક આપી રહ્યું છે. 'ઈન્ટરનેશનલ ડે ફોર મોન્યુમેન્ટ્સ એન્ડ સાઈટ્સ'ની આ વર્ષની થીમ 'આપત્તિ અને સંઘર્ષોથી ભય હેઠળનો વારસો.' છે, જ્યાં કુદરતી અથવા માનવસર્જિત આપત્તિઓ, ધમકીઓ અથવા સંઘર્ષોથી હેરિટેજ સ્થળોની સુરક્ષા અંગેજાગૃતિ ફેલાવવામાંઆવી રહીછે. પ્રવેશ ફી માફ કરીને, એએસઆઈ આપણા નિર્મિત વારસાના સંરક્ષણ અને વ્યવસ્થાપનના મહત્વ વિશે વધુ જાહેર જોડાણને પ્રોત્સાહન આપવાની આશા રાખે છે અને નાગરિકો આપણા વારસાને જાળવવામાં કેવી રીતે સક્રિય ભૂમિકા ભજવી શકે છે. છેવટે, આપણા બંધારણમાં જણાવેલી મૂળભૂત ફરજો અનુસાર, આ અમૂલ્યહેરિટેજ સાઈટ્સનું રક્ષણ કરવું અને તેમનું રક્ષણ કરવા માટે આપણાથી બનતું બધું કરવુ એ આપણી સામૂહિક જવાબદારી છે.

કમલમ્,

સંતરામપુર પ્રતાપપુરા સ્થિત ભજપ કાર્યાલયખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા સંતરામપુર નગર સંગઠન ના નવનિયુક્ત હોદ્દેદારો દ્વારા મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોર સાહેબની શુભેચ્છા મુલાકાત લીધી આ તકે તેમને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવી..

કમલમ્,રાકેશ વાળા

નેશનલ હેરાલ્ડ કેસમાં સીબીઆઈ અને ઈડી દ્વારા કોંગ્રેસના દિગ્ગજ નેતા શ્રીમતીસોનીયા ગાંધીઅને લોકસભાનાવિરોધપક્ષના નેતા શ્રી રાહુલ ગાંધીવિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવીછે જેમાં કોંગ્રેસ પાર્ટી દ્વારા ખોટી રીતે લોકોને ભ્રમિત કરવામાં આવી રહયાં છે જેના વિરોધમાં દાદાજી ચોક, વ્યારાખાતે તાપી જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા તાપી જિલ્લાના નવયુવાન પ્રમુખ શ્રી સુરજ ભાઈ વસાવા ની અધ્યક્ષતામાં વિરોધપ્રદર્શનનો કરવામાં આવ્યો.

ખેલ મહાકુંભ ૩.૦ : રાજકોટ ખાતે રાજયકક્ષાની બેડમિન્ટન સ્પર્ધાનો પ્રારંભ

ધારાસભ્યો સર્વે શ્રી ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા સહિત મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં ઉદઘાટન સમારોહ યોજાયો

કમલમ્,રાજકોટ

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગતતા. ૫જાન્યુઆરીના રોજ રાજકોટ ખાતેથી ખેલ મહાકુંભ મહાકુંભ ૩.૦ નોપ્રારંભ કરવામાં આવ્યો હતો, ત્યારે રાજકોટ માટે ગૌરવ સમાન રાજયકક્ષાની બેડમિન્ટન સ્પર્ધાનો પ્રારંભ ધારાસભ્યોસર્વે શ્રી ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા સહિત મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમા સ્પોર્ટસ કોમ્પ્લેક્સખાતેઆજરોજ કરવામાંઆવ્યોહતો.આ ઉદઘાટન સમારોહ પ્રસંગે ધારાસભ્યશ્રી ડો. દર્શિતાબેન શાહે જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજયમાં ખેલાડીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ આગળ વધે તે માટે વર્ષ ૨૦૧૦ માં ખેલ મહાકુંભનોપ્રારંભ કર્યોહતો. આજે ૧૫ વર્ષના ગાળામાં ૬૬ લાખથી વધુ લોકો ખેલ મહાકુંભમાં ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારાઉત્કૃષ્ઠ ખેલાડી પ્રતિભા બહાર આવે તે માટે રૂ. ૩૫૨ કરોડનું બજેટ ફાળવેલ છે. જે રમતગમત ક્ષેત્રે રાજ્ય સરકારનીપ્રતિબદ્ધતા દર્શાવેછે તેમ ડો. દર્શિતાબેને જણાવ્યું હતું. આ તકે ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળાએ રમતગમતનોવ્યાપ વધે તે માટે ખેલ મહાકુંભ જેવા આયોજનો જરૂરીહોવાનું જણાવી કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેલ પ્રતિભા બહાર આવે તે માટે રાજ્ય પૂરતું સીમિત ન રહેતાં કેન્દ્ર કક્ષાએ પણ 'ખેલો ઈંડિયા' જેવા વિશાળ આયોજનો હાથ ધર્યાછે. અગ્રણી શ્રી માધવ દવે, રાજકોટ ડીસ્ટ્રીકટ બેડમિન્ટન એસોસિએશનના શ્રી ભૂષણ પંડ્યાએ પ્રાસંગિક પ્રવચનમાં રાજકોટ ખાતે જુદા જુદા જિલ્લાઓમાંથી પધારેલા સ્પર્ધકોનું સ્વાગત કરીસફળતા મેળવેતે માટે પ્રેરણા પુરીપાડી હતી. રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજીત તેમજ જિલ્લા પ્રશિક્ષણ કેન્દ્ર, રાજકોટના ઉપક્રમે રાજયકક્ષાની ખેલમહાકુંભ ૩.૦ બેડમિન્ટન સ્પર્ધામાંઓપન એઈજ ગ્રુપ તેમજ ૪૦ અને ૬૦ વર્ષ ઉપરના ભાઈઓ /બહેનો માટેની સ્પર્ધાઓ આજથી તા. ૨૧ એપ્રિલ સુધી ચાલશે. આ તકે જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી રમાબેન મદ્રાએ સ્વાગત પ્રવચન તેમજ જિલ્લા રમત ગમત અધિકારી શ્રી વી.પી જાડેજાએઆભારવિધિ કરી હતી. ટેકિનકલ હેડ હસમુખ સાવલિયા, સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના ફિઝિકલ ડાયરેક્ટર ડો. હરીશ રાબા, ચીફ રેફરી તેમજ નોડલ ઓફિસર શ્રી નિકુંજ પરમાર, ડીસ્ટ્રીકટ બેડમિન્ટન એસોસિએશનના સર્વેશ્રી જયદીપસિંહ જાડેજા, હિમાંશુ મહેતા, કિશોર હાપલીયા સહીત વિવિધ જિલ્લામાંથી આવેલા કોચ તેમજ સ્પર્ધકો ઉપસ્થિત રહ્યા હતાં.

હળવદ ખાતેગર્ભ સંસ્કારકાર્યક્રમયોજાયો; સગર્ભા મહિલાઓને માર્ગદર્શન અપાયું

કમલમ્,મોરબી,

અટલ સ્વાન્તઃ સુખાય યોજના'' અંતર્ગત ગર્ભ સંસ્કાર એટલે આવનાર બાળકના ગુણોને પાયામાંથી શીખ આપવી. આપણા શાસ્ત્રોમાં ૧૬ સંસ્કારનીવાત કરવામાં આવીછે. તેમાનોએક સંસ્કારએટલે 'ગર્ભ સંસ્કાર'. ત્યારેમોરબી જિલ્લાના હળવદ ખાતે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.સી. ભટ્ટના અધ્યક્ષસ્થાને ગત તા.૧૬/૦૪/૨૦૨૫ ના રોજ હળવદ ઘટક દ્વારા હળવદમાંવૈજનાથ મહાદેવમંદીર ખાતે ગર્ભસંસ્કારકાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અનુસંધાને સર્વ ધર્મના ૪૦ સગર્ભા બહેનોને સંસ્કારી બાળક માટેગાયત્રી પરિવારનાસભ્યો દ્વારાગર્ભ સંસ્કાર વિધિ કરાવવામાં આવી હતી. ઉપરાંત સગર્ભા બહેનોને પોષણ માટે દાતાશ્રીઓદ્વારાખજૂર તથાલીલા નાળિયેરનુંવિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી મયુરીબેન એચ. ઉપાધ્યાય, તાલુકા વિકાસ અધિકારીશ્રી પરેશભાઈ ગૌસ્વામી, ચેરમેનશ્રી મહિલાઅને બાળ વિકાસના પ્રતિનિધિશ્રીરવજીભાઈ પરમાર, ગુજરાતમહિલા ઉપાધ્યક્ષઉર્વશીબેન પંડ્યા, સુપરવાઈઝરશ્રી મમતાબેન રાવલ, પ્રોગ્રામના દાતા નિવૃત આંકડા મદદનીશશ્રી એ.એમ. સંઘાણી, પાટિયા ગ્રુપ હળવદ, વિદ્યાબેન બળવંતભાઈ જોશી, ડિસ્ટ્રિક્ટ બ્લોક કો.ઓર્ડીનેટરદ્રદ્ર સ્ત્રી અશોકભાઈ તથા હળવદ આઈ.સી.ડી.એસ.ના સ્ટાફ કાર્યક્રમમાં ઉપસ્થિતરહ્યા હતા.

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ નવી દિલ્હીમાં નેશનલ ડોપ ટેસ્ટિંગ લેબોરેટરી (એનડીટીએલ) માં એથ્લિટ પાસપોર્ટ મેનેજમેન્ટ યુનિટ (એપીએમયુ) નું ઉદઘાટન કર્યું

એપીએમયુ ગ્લોબલ સાઉથ માટે સપોર્ટનો દીવાદાંડી બની શકે છે - ડો.માંડવિયા

કમલમ્,

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમતતથા શ્રમ તથારોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે નવી દિલ્હીમાં નેશનલ ડોપ ટેસ્ટિંગ લેબોરેટરી (એનડીટીએલ) માં એથ્લિટ પાસપોર્ટ મેનેજમેન્ટ યુનિટ (એપીએમયુ)નું ઉદઘાટન કર્યુ હતુ. આ પહેલ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એમબંને પ્લેટફોર્મ પર સ્વચ્છ અને પારદર્શક રમતગમત પદ્ધતિઓને પ્રોત્સાહન આપવાની ભારતની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરે છે. આ પ્રસંગે ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે, "એપીએમયુ ડોપિંગ સામેની ભારતની લડાઈમાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે, જે એથ્લેટ બાયોલોજિકલપાસપોર્ટ (એબીપી) સિસ્ટમ દ્વારા એથ્લેટ્સ બાયોલોજિકલપ્રોફાઈલ્સના લાંબા ગાળાના ટ્રેકિંગને સક્ષમબનાવે છે. આ નવીન મિકેનિઝમ ડોપિંગના દાખલાઓ શોધવામાંઅને અનૈતિક પદ્ધતિઓને ઓળખીને રમતગમત ની નિષ્પક્ષતાને સુરક્ષિત કરવામાં મદદ કરશે.

એપીએમયુને ગ્લોબલ સાઉથ માટે સમર્થનની દીવાદાંડી ગણાવતાં કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે, તેનાથી આપણાં પડોશી દેશોને મદદ મળશે, જેમની પાસે સમાન વ્યવસ્થાઓ સ્થાપિત કરવા માટે પર્યાપ્ત સંસાધનો નથી. પ્રધાનમંત્રી એ કહ્યું હતું કે, "જ્ઞાન અને સાધનોની વહેંચણી કરીને ભારત આદેશોને તેમનીરમતોને અયોગ્ય પદ્ધતિઓથી મુક્ત રાખવામાં સાથસહકાર આપી શકે છે. તેમણે ઉમેર્યું હતું કે, આ પ્રકારની પહેલો એકતાની ભાવનાને રેખાંકિત કરે છે અને સમગ્ર વૈશ્વિક દક્ષિણમાં રમતગમતની અખંડિતતાને મજબૂત કરવામાંપ્રદાન કરે છે." ડૉ. માંડવિયાએ પ્રાદેશિક સહયોગની સંભવિતતા પર ભાર મૂક્યો હતો અને એપીએમયુ મારફતે કુશળતા અને સંસાધનોની વહેંચણી કરીને પડોશી દેશોને ટેકો આપવા ભારતની તૈયારી પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, ડોપિંગ અંગે સ્પોર્ટસ ફેડરેશનો, સંસ્થાઓ, યુનિવર્સિટીઓઅને ઈન્સ્ટિટ્યૂટ્સ ઓફ પ્રારંભિક શિક્ષણની વધુ સંડોવણી અને ગ્રામીણ વિસ્તારોમાં જાગૃતિ સાથીની શરૂઆત કરવાની જરૂર છે. વધુમાં, તેમણેઉલ્લેખ કર્યો હતો કે પ્રયોગશાળાઓમાં કામ કરતા વૈજ્ઞાનિકો વિવિધ શાળાઓ / યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓને એન્ટિ - ડોપિંગ સાયન્સ વિશે શિક્ષણ આપી શકે છે જેથી વિદ્યાર્થીઓને ડોપિંગ વિશે સંવેદનશીલ બનાવી શકાય. એનડીટીએલનું એપીએમયુ વર્લ્ડ એન્ટિ ડોપિંગ એજન્સી (વાડા)ની માર્ગદર્શિકા સાથે સુસંગત થવા માટે તૈયાર કરવામાંઆવ્યું છે, જે વૈશ્વિક સ્તરે એન્ટિ ડોપિંગપ્રોગ્રામને મજબૂત બનાવે છે. સમય જતાં લોહી અને સ્ટેરોઈડલ પ્રોફાઈલ જેવા માપદંડો પર નજર રાખીને, આ એકમ સ્વચ્છ એથ્લેટ્સની વિશ્વસનીયતાનું રક્ષણ કરશે અને સાથે સાથે રમતગમતમાં સમાન રમતનું મેદાન સુનિશ્ચિત કરશે. ઉલ્લેખનીય છે કે, આ દુનિયાનું ૧૭મુંએથ્લિટપાસપોર્ટ મેનેજમેન્ટ યુનિટ છે, જેનીસ્થાપના ભારતમાં કરવામાંઆવી છે. તે રમતવીરોના જૈવિક પાસપોર્ટની દેખરેખ અને સંચાલન માટે જવાબદાર વિશિષ્ટ સંસ્થા તરીકે સેવા આપશે. જ્યારે ભારતઆંતરરાષ્ટ્રીય રમતગમતના મંચપર ઉત્કૃષ્ટ દેખાવ કરી રહ્યુંછે, ત્યારે એથ્લિટ પાસપોર્ટ મેનેજમેન્ટ યુનિટ નિષ્પક્ષ રમત, રમતગમત માં અખંડિતતા જાળવવા માટે રાષ્ટ્રના મજબૂત સમર્પણ પર પ્રકાશ પાડે છે અને વિશ્વભરમાં નૈતિક રમતગમત પદ્ધતિઓ માટે એક માપદંડ પણ સ્થાપિત કરે છે. આ કાર્યક્રમમાં શ્રીમતીસુજાતા ચતુર્વેદી, સચિવ (રમતગમત), શ્રી કુણાલ, સંયુક્ત સચિવ (રમતગમત), યુવા બાબતો અને રમતગમત મંત્રાલય નાં અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં, જેમાં એનડીટીએલનાં ડિરેક્ટર અને સીઈઓ (આઈ/સી) પ્રોફેસર (ડૉ) પી. એલ. સાહુ સામેલ છે. "એથ્લીટ બાયોલોજિકલ પાસપોર્ટ" ની વિભાવના ત્યારે ઉભરી આવી જ્યારે વૈજ્ઞાનિકોએ ડોપિંગ શોધવા માટે બ્લડ માર્કર્સનું નિરીક્ષણ કરવાની ઓળખ કરી. હિસ્સેદારો અને તબીબી નિષ્ણાતોના ઈનપુટ સાથે, વર્લ્ડ એન્ટી-ડોપિંગ એજન્સી (WADA)એ આ વિચારને સુધાર્યા અને પ્રમાણિત કર્યો, જેના કારણે એથ્લીટ બાયોલોજિકલ પાસપોર્ટ (ABP) બન્યો. જૈવિક પાસપોર્ટ એ એક ઈલેક્ટ્રોનિક દસ્તાવેજ છે. જે સમય જતાં રમતવીરનાજૈવિક માર્કર્સપર ડેટા કમ્પાઈલ કરે છે. લોહીના પરિમાણો, હોર્મોનલ સ્તર અને અન્ય શારીરિક માર્કર્સ જેવી બાબતોને ટ્રેક કરીને, એપીએમયુ પ્રતિબંધિત પદાર્થોને સીધી રીતે ઓળખ્યા વિના ડોપિંગની કોઈ પણ વિસંગતતા અથવા વલણો શોધી શકે છે.

બારડોલી લોકસભાના સાંસદ પ્રભુભાઈ વસાવા નીમહત્વપૂર્ણ કેન્દ્રિય મંત્રાલયમાં હિન્દી સલાહકાર સમિતિમાં સભ્ય તરીકે નિમણૂક કરવામાંઆવી

કમલમ્,

બારડોલી લોકસભાના સાંસદ ભારત દેશના સમર્પિત, સેવાભાવથી કાર્યરત અને લોકપ્રિય નેતા તરીકે ઓળખાતા બારડોલી લોકસભામાંથી સતત ત્રીજી વખત ચૂંટાઈ આવેલા અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનેપોતાનો આદર્શ માનતા સાંસદ પ્રભુભાઈ વસાવા ને ભારત સરકારના મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી મંત્રાલયની હિન્દી સલાહકાર સમિતિમાં સભ્ય તરીકે નિમણૂક કરવામાંઆવી છે. આ સમિતિ મંત્રાલયના કાર્યમાં હિન્દી ભાષાના ઉપયોગને વેગ આપવા, નીતિનિર્માણમાં સહયોગ આપવા અને ગ્રામ્ય ભારતમાં હિન્દી ભાષાની પહોંચ વધારવાના હેતુથી કાર્યરત છે. પ્રભુભાઈ વસાવાની આ પસંદગી માત્ર તેમના નેતૃત્વ કૌશલ્ય અને અનુભવને માન્યતા આપેછે એટલું નહીં, પણ તેઓએ લોકોની સેવા માટે દર્શાવેલી નિષ્ઠા અને લાગણીશીલ વલણનો પણ પુરાવો છે. પ્રભુભાઈ વસાવા એક સરળ, શાંત અને નમ્ર સ્વભાવ ધરાવતાં નેતા છે, જેમણે હંમેશા પછાત, આદિવાસી અને ગ્રામ્ય સમાજના હિતમાટે કાર્ય કર્યું છે. લોકોની વચ્ચે રહીને, તેમની વાસ્તવિક સમસ્યાઓને સમજીને તે સમસ્યાઓ ઉકેલવાની તેમની ઓળખ છે. તેમના નેતૃત્વમાં બારડોલી લોકસભા વિસ્તારમાં અનેક વિકાસકાર્યોકરવામાં આવ્યા છે, માર્ગોઅને પાણીજેવી મૂળભૂત સુવિધાઓ, આરોગ્ય અને શિક્ષણના ક્ષેત્રમાં સુધારા, તેમજ યુવાનોને આત્મનિર્ભર બનાવવા વિવિધપ્રયાસો.હવે તેમનીઆ નવી ભૂમિકા દ્વારા મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી ક્ષેત્રોમાં પણ વિસ્તારના વિકાસ માટે નવા અવસરો ઊભા થશે. પ્રભુભાઈ વસાવા ને આ નવીજવાબદારીમાટે હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ. તેમના નેતૃત્વમાં વિસ્તારને વધુ ગતિશીલ વિકાસ મળશે એવી સૌ બારડોલી વિસ્તારની જનતાનેઅપેક્ષા છે.

આજે આખા દેશમાં કોઈ પણ દિશામાં જઈએ તો કેન્દ્ર અને રાજ્ય સરકાર મળીને વિવિધ વિકાસના જે પ્રકલ્પોના ડેવલોપ કરે છે તે કામો જોવા મળે છે.- શ્રી સી.આર.પાટીલ

આ વિસ્તારમાં જે બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું છે તે બ્રિજ માટે સ્થાનિક લોકોની માંગ હતી જે આજે પુર્ણ કરવામાં આવી છે તે માટે કેન્દ્રિય મંત્રીશ્રી નીતિનભાઇ ગડકરી સહિત અહીના કર્મચારીઓ અને અધિકારીઓને અભિનંદન. – શ્રી સી.આર.પાટીલ

વડાપ્રધાનશ્રીએ દિલ્હીમાં તેમની ઓફિસમાં બેઠક બોલાવી હતી જેમા યમુના નદીમાં સફાઇની કામગીરી ફરી શરૂ કરવા સુચના આપી છે. – શ્રી સી.આર.પાટીલ

કમલમ્,

આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ની સરકારમાં માર્ગ અને પરિવહન વિભાગના કેન્દ્રિયકેબિનેટ મંત્રીશ્રી નિતીનભાઈ ગડકરીજીના માર્ગદર્શન હેઠળ ૧૬૮ ચોર્યાસી વિધાન સભા વિસ્તારમાંથી પસાર થતા રાષ્ટ્રીય રાજમાર્ગ નંબર ૫૩ અંતર્ગત રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ દ્વારા અંદાજીત રૂપિયા ૪૦ કરોડના ખર્ચે નવ નિર્મિત બુડિયા અને ગભેણી વ્હીકલ અંડરપાસનુ લોકાર્પણ પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રિય જળશક્તિમંત્રીશ્રી સી.આર.પાટીલજીના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રીસંદિપભાઈ દેસાઈએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. આ કાર્યક્રમમાંશ્રી સી.આર.પાટીલજી એ જણાવ્યુંહતું કે,આ વિસ્તારમાં જે બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું છે તે બ્રિજ માટે સ્થાનિક લોકોની માંગ હતી જે આજે પુર્ણ કરવામાં આવી છે તે માટે કેન્દ્રિય મંત્રીશ્રી નીતિનભાઈ ગડકરી સહિત અહીના કર્મચારીઓ અને અધિકારીઓનેઅભિનંદન. આજે દેશમાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં દેશમા વિકાસના અનેક નવા આયામો સિદ્ધ થઈ રહ્યા છે. આજે આખા દેશમાં કોઈ પણ દિશામાં જઈએ તોકેન્દ્રઅને રાજય સરકાર મળીને વિવિધ વિકાસના પ્રકલ્પોના ડેવલોપ થતા કામો જોઈ શકીએ છીએ.માર્ગઅને પરિવહન વિભાગના કેન્દ્રિય મંત્રીશ્રી નિતીનભાઈગડકરીના માર્ગદર્શન માં આજે જે બ્રિજનું લોકાર્પણ થયુ છે તેનાથીસ્થાનિક રહિશોને લાભ થવાનો છે તેમના માર્ગદર્શનમાં અને વડાપ્રધાન શ્રીના નેતૃત્વમાં દેશના મોટા ભાગના વિસ્તારોમાં બ્રિજનું કામ અદભૂત થઈ રહ્યુ છે જેમાજમ્મુ કાશ્મિર નો બ્રિજ છે કે જે વિકટ જગ્યા પરતૈયાર કરવામાં આવ્યોછે. અંગ્રેજોના સમ્યે તૈયાર થયેલા બ્રિજ જે આજના સમયે જર્જરીત થયા હતા તેની સામે હવે નવી ટેકનોલોજી સાથે બ્રિજ આપણને મળે છે. શ્રી સી.આર.પાટીલજી એ રેઈન વોટરહાર્વેસ્ટીગ વિશે માહિતગાર કરતા જણાવ્યું કે આપણે સૌ એ વરસાદનું પાણીજમીનમાં ઉતરે તે માટે બોર બનાવવા જોઈએ. વરસાદનું પાણી જમીનમાં સ્ટોર કરવાથીતેની ગુણવતાજળવાઈ રહે અને ઓછા સમયમાં પાણી મળી રહેશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ હમેંશા આપણે કહે છે કે જળછે તોકલ છેઅને ગામનુ પાણી ગામમાં અને સિમનુ પાણી સિમમાં ઉતારવું જોઈએ. વડાપ્રધાનશ્રીએ દિલ્હીમાં તેમની ઓફિસમાં બેઠક બોલાવી હતી જેમા યમુના નદીમા સફાઈની કામગીરી ફરી શરૂ કરવા સુચના આપી છે. સૌથી ગંદી નદી તરીકે આજે યમુના નદી માનવામાં આવે છે પણ નદીખૂબ જ ઝડપી સ્વચ્છ થાય તેના માટેના પ્રયત્નો વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનથી કરવામાંઆવ્યા છે. આ કાર્યક્રમમાં રાજય સરકારના મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, સુરત શહેરના મેયરશ્રીદક્ષેશભાઈમાવાણી, સુરત જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભાવીનીબેન, ધારાસભ્યશ્રીઓ શ્રી સંદિપભાઈ દેસાઈ, શ્રી સંગીતાબેન પાટીલ, સુરત શહેર પ્રમુખશ્રી પરેશભાઈ પટેલ,સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી રાજનભાઈપટેલ સહિત જીલ્લાના પદાધિકારીશ્રીઓ, કાર્યકર્તાઓ અને સ્થાનિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

૧૬૮ ચોર્યાસી વિધાનસભા વિસ્તારમાંથી પસાર થતા અંદાજીત રૂપિયા ૪૦ કરોડના ખર્ચે નવ નિર્મિત બુડિયા અને ગભેણી વ્હીકલ અંડરપાસનું લોકાર્પણ પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રિય જળશક્તિમંત્રીશ્રી સી.આર.પાટીલજીના વરદ હસ્તે કરવામાં આવ્યું.

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે રાજસ્થાનના આબુ રોડ પર સુરક્ષા દળોના જવાનો માટે 'આંતરિક જાગૃતિ દ્વારા સ્વ-સશકતીકરણ' પર રાષ્ટ્રીય સંવાદનું ઉદઘાટન કર્યું

- **બ્રહ્મા કુમારી સંસ્થાન ભારતીય સંસ્કૃતિના રાજદૂત તરીકે કામ કરી રહ્યું છે અને સમગ્ર વિશ્વને શાંતિ અને સંવાદનો સંદેશ આપી રહ્યું છે**
- **પ્રધાનમંત્રી મોદીજીએ ૨૧ જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરીને આપણી વૈદિક પરંપરાને સમગ્ર વિશ્વને આપવાનું કાર્ય કર્યું છે**
- **છેલ્લા ૨૫ વર્ષથી, સુરક્ષા કર્મચારીઓનો તણાવ ઓછો કરવા અને તેમને શાંતિ તરફ દોરી જવા માટે બ્રહ્મા કુમારીઓના પ્રયાસો પ્રશંસનીય છે**
- **પૂજ્ય લેખરાજ કૃપાલાણીજીએ બ્રહ્મા કુમારી સંસ્થાનની સ્થાપના કરી અને દરેક વ્યક્તિના આત્માને દીપકમાં ફેરવીને તેમને પ્રકાશના માર્ગ પર ચાલવામાં મદદ કરી**

બ્રહ્મા કુમારી સંસ્થાને ત્યાગ, તપ અને તેની તેજસ્વીતા દ્વારા વિશ્વમાં સરળતા, સંયમ અને સહયોગનું અદ્ભુત વાતાવરણ બનાવ્યું છે

આજે, વિશ્વના કરોડો લોકો યોગ, ધ્યાન અને આધ્યાત્મિકતાના માર્ગે ચાલી રહ્યા છે; આવનારા સમયમાં આ જ વિશ્વ શાંતિનો માર્ગ બનશે

કમલમ્, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિત શાહે રાજસ્થાનમાં સુરક્ષા દળોના જવાનો માટે 'આંતરિક જાગૃતિ મારફતે સ્વ-સશક્તીકરણ' વિષય પર રાષ્ટ્રીય સંવાદનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી ભજનલાલ શર્મા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, બ્રહ્માકુમારી યોગ અને ધ્યાનના માધ્યમથી સમગ્ર વિશ્વમાં દરેક માનવીમાં શાંતિ અને આધ્યાત્મિક સાધનાનો દીપક પ્રગટાવવાનું કામ કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, અહીં દરેક વ્યક્તિની અંદર રહેલી ભલાઈને જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવે છે અને તેઓ લાંબા સમયથી આ કામ કરી રહ્યાં છે. તેમણે ઉમેર્યું હતું કે, જ્યારે તેઓ અહીં આવે છે, ત્યારે કોઈ પણ વ્યક્તિ અદભુત શાંતિપૂર્ણ વાતાવરણનો અનુભવ કરી શકે છે અને તેનું કારણ આ સ્થળે રહેલી આધ્યાત્મિક ઊર્જા છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, જ્યારે અંગત જીવનમાં ગુરૂ મળે છે, ત્યારે તે સદાચારના માર્ગે અગ્રેસર થઈ જાય છે અને તેનાં અનેક ઉદાહરણો જોવા મળે છે.

તેમણે કહ્યું કે કેટલાક લોકો એવું કામ કરે છે કે તે દરેક વ્યક્તિના આત્માને દીપકમાં ફેરવી નાખે છે અને તેમને પ્રકાશના માર્ગ પર ચાલવામાં મદદ કરે છે. તેમણે કહ્યું હતું કે, બ્રહ્માકુમારીની સ્થાપના કરીને લેખરાજ કૃપલાણીજીએ દરેક વ્યક્તિનાં આત્માને દીપક બનાવવા અને પ્રકાશનાં માર્ગે આગળ વધવાનો મોટો અનુરોધ કર્યો હતો, જેની આજે સમાજ પર મોટી અસર થઈ રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે બ્રહ્માકુમારીઓએ તેમના ત્યાગ, તપ અને તેજસ્વિતા દ્વારા વિશ્વભરમાં સાદગી, બ્રહ્મચર્ય અને સહયોગનું અદ્ભૂત વાતાવરણ ઉભું કરવાનું કામ કર્યું છે. તેમણે જણાવ્યું હતું કે, આજે અહીં એક સાથે બે કાર્યક્રમો યોજાયા છે – પ્રથમ, બ્રહ્માકુમારી સંસ્થાનની વર્ષ ૨૦૨૫-૨૬ની થીમનો શુભારંભ, 'વિશ્વ એકતા અને વિશ્વ આસ્થા માટે ધ્યાન' અને બીજું, સુરક્ષા દળના જવાનોની આંતરિક જાગૃતિ દ્વારા સ્વ-સશક્તીકરણ પર રાષ્ટ્રીય સંવાદનું ઉદ્ઘાટન. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, આઝાદીનાં ૭૫ વર્ષ પછી આપણો દેશ ઘણો આગળ વધી ગયો છે અને દુનિયામાં પાંચમું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે અને થોડા વર્ષોમાં આપણે ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બની જઈશું. તેમણે કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અમે વર્ષ ૨૦૪૭માં આઝાદીની શતાબ્દી પર દુનિયામાં દરેક ક્ષેત્રમાં અગ્રણી બનવાનું લક્ષ્ય ધરાવીએ છીએ. તેમણે કહ્યું હતું કે, ભારતનું લક્ષ્ય આપણી પરંપરાઓને આગળ વધારવાનું હોવું જોઈએ, જેમાં વિશ્વ બંધુત્વનું નેતૃત્વ કરવાની, દરેક માનવીના આત્માને દૈવી શક્તિ સાથે જોડવાની અને દરેક જીવનને સદ્ગુણોના માર્ગે દોરવાની ક્ષમતા હોય અને બ્રહ્માકુમારી જેવી સંસ્થાઓ આ દિશામાં સારી કામગીરી બજાવી રહી છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ કહ્યું હતું કે, આજે દેશની સુરક્ષા આપણા સુરક્ષા દળોના અપાર ત્યાગ અને સમર્પણનું પરિણામ છે. તેમણે સૌથી પડકારજનક પરિસ્થિતિમાં સરહદોની સુરક્ષા કરનારા અમારા કર્મચારીઓના અથાક પ્રયાસોને બિરદાવ્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આંતરિક સુરક્ષાની બાબતોમાં સેના, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (સીએપીએફ) અને રાજયનાં પોલીસ દળો કાયદો અને વ્યવસ્થા જાળવવા અને વંચિતોનું રક્ષણ કરવા ખંતપૂર્વક કામ કરે છે – આ જવાબદારી ઘણીવાર નોંધપાત્ર તાણ લાવે છે. માનસિક અને ભાવનાત્મક સુખાકારીના મહત્વ પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું હતું કે, સુરક્ષા કર્મચારીઓને તેમના મન, શરીર અને આત્મામાં શાંતિ મેળવવામાં મદદ કરવી એ નિર્ણાયક મિશન છે. આ સંબંધમાં તેમણે બ્રહ્માકુમારીઝની પ્રશંસા કરી હતી કે, તેમણે છેલ્લાં ૨૫ વર્ષમાં સુરક્ષા દળો સુધી પહોંચવામાં, તેમના તણાવને દૂર કરવા અને આંતરિક શાંતિને પ્રોત્સાહન આપવાનાં પ્રશંસનીય પ્રયાસો કર્યા છે, જે બદલામાં એક મજબૂત અને વધારે સુરક્ષિત રાષ્ટ્રમાં પ્રદાન કરે છે. શ્રી અમિત શાહે યોગ અને આધ્યાત્મિકતાના માધ્યમથી મન, શરીર, બુદ્ધિ અને આત્મા વચ્ચે સુમેળ સાધવાની ભારતની પ્રાચીન પરંપરા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું હતું કે, આ વારસો લાંબા સમયથી આપણને જટિલ સમસ્યાઓનું સમાધાન કરવા માટે જ્ઞાન, પ્રગતિ અને વિચારશીલ નીતિનિર્માણનાં માર્ગે અગ્રેસર છે. તેમણે નોંધ્યું હતું કે, અત્યારે ભારત આ શાશ્વત શાણપણને દુનિયા સાથે વહેંચે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વસુધૈવ કુટુમ્બકમ્‌ની વિભાવના – સમગ્ર વિશ્વ એક પરિવાર છે તે ખ્યાલ - ભારતના ઉપનિષદોમાંથી ઉદ્ભવ્યો છે, જેણે વૈશ્વિક એકતા અને પોતાનાપણાની ભાવનાને અપનાવી છે. શ્રી શાહે ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભારતે ૨૧ જૂનનાં રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની સ્થાપના કરીને વૈશ્વિક સ્તરે પોતાનાં વૈદિક વારસાને પ્રોત્સાહન આપવા માટે મહત્ત્વપૂર્ણ પગલું લીધું છે. તેમણે ઉમેર્યું હતું કે, અત્યારે દુનિયાભરમાં લાખો લોકો યોગ, ધ્યાન અને આધ્યાત્મિકતાને જીવનશૈલી તરીકે અપનાવી રહ્યાં છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આ માર્ગ આગામી વર્ષોમાં વધુને વધુ વૈશ્વિક શાંતિનો પાયો બનશે. કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, આત્મા, ભગવાન અને પૂજ્ય લેખરાજ કૃપલાણીજીને મળેલા સર્જનચક્રનું અગાધ જ્ઞાન "બ્રહ્મા" તરીકે ઓળખાયું અને બ્રહ્માકુમારી સંગઠનની સ્થાપના આ આધ્યાત્મિક જ્ઞાનને વિશ્વ સાથે વહેંચવા માટે કરવામાં આવી હતી. તેમણે આ મિશનમાં મહિલાઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો અને નોંધ્યું હતું કે, પેઢીઓથી દેવી નારીનું પૂજનીય રહ્યું છે અને મહિલાઓ બ્રહ્માકુમારીઝનાં નેતૃત્વ અને સેવાનાં કેન્દ્રમાં રહી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, દુનિયામાં સાચું પરિવર્તન સ્વ-પરિવર્તનથી શરૂ થાય છે– જ્યારે કોઈ વ્યક્તિ અંદરથી પરિવર્તન પામે છે, ત્યારે જ તે અન્યમાં પરિવર્તનની પ્રેરણા આપે છે. આ સિદ્ધાંતના માર્ગદર્શન હેઠળ બ્રહ્માકુમારીઓએ વિશ્વભરમાં શક્તિશાળી અને સકારાત્મક વિચારો ફેલાવ્યા છે. ગૃહ મંત્રીએ બ્રહ્મચર્ય, શાકાહાર, વ્યસન મુક્તિ, સાદગી અને ધ્યાન જેવા મૂલ્યોને પ્રોત્સાહન આપવા બદલ સંસ્થાની પ્રશંસા કરી હતી. આ પ્રથાઓ દ્વારા, તેઓ વ્યક્તિને આત્માને ઈશ્વર સાથે જોડવામાં મદદ કરે છે અને તેમના આંતરિક સ્વભાવને શુદ્ધ, શાંતિપૂર્ણ અને શાશ્વત જીવો તરીકે સમજવામાં મદદ કરે છે - આ બધું જ સુલભ અને સંબંધિત રીતે. તેમણે કહ્યું હતું કે, નારીત્વની તાકાત મારફતે બ્રહ્માકુમારીઓ ભારતીય સંસ્કૃતિનાં રાજદૂત બન્યાં છે, જેણે સમગ્ર વિશ્વમાં શાંતિ, સંવાદ અને આધ્યાત્મિક સંવાદિતાનો સંદેશો ફેલાવ્યો છે.

કેન્દ્રીય જલ શકિત મંત્રી શ્રી સી. આર. પાટીલે રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશનના નેજા હેઠળ વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયાની મુખ્ય પરિયોજનાઓની સમીક્ષા કરી

શ્રી સી. આર. પાટીલે મીઠા પાણીની જૈવ વિવિધતા સંરક્ષણને પ્રોત્સાહન આપવા માટે ડિજિટલ પ્લેટફોર્મ લોન્ચ કર્યું

MoJS એ પહેલ હેઠળ વિકસિત જ્ઞાન ઉત્પાદનોની શ્રેણી બહાર પાડી

કેન્દ્રીય મંત્રીએ રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન અને વન્યજીવન સંસ્થાન દ્વારા કરવામાં આવી રહેલા કાર્યની પ્રશંસા કરી

કમલમ્, કેન્દ્રીય જલ શક્તિ મંત્રી શ્રી સી. આર. પાટિલે નવી દિલ્હીમાં જલ શક્તિ મંત્રાલય દ્વારા સમર્થિત અને વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (ડબલ્યુઆઈઆઈ) દ્વારા અમલમાં મૂકવામાં આવેલા વિવિધ પ્રોજેક્ટ્સની સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં મંત્રાલય અને ડબલ્યુઆઈઆઈના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા કેન્દ્રીય મંત્રીએ રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન (એનએમસીજી) અને ડબલ્યુઆઈઆઈ દ્વારા જળચર જૈવવિવિધતાને પુનઃસ્થાપિત કરવા, નદીઓના સ્વાસ્થ્યમાં સુધારો કરવા, સ્થાનિક ક્ષમતાઓનું નિર્માણ કરવા અને સમુદાયોને સંરક્ષણમાં જોડવા માટે હાથ ધરવામાં આવેલા કાર્યની પ્રશંસા કરી હતી. તેમણે સમગ્ર તટપ્રદેશમાં હાથ ધરવામાં આવેલા વિસ્તૃત પ્રસાર અને ક્ષમતા નિર્માણ કાર્યક્રમોની અસરને સ્વીકારી હતી તથા જનજાગૃતિની પહેલોમાં ડબલ્યુઆઈઆઈની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો, ખાસ કરીને ગંગા પ્રહરીઓ સાથે સંકળાયેલી આ પહેલોમાં ડબલ્યુઆઈઆઈની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. વધુમાં, તેમણે સ્વયંસેવકો સાથે સતત જોડાણને મજબૂત કરવા માટે ગંગા પ્રહરી કોક્લેવનું આયોજન કરવાનું સૂચન કર્યું હતું અને નદીઓમાં મગર પર કેન્દ્રિત નવી સંરક્ષણ પહેલની શોધ કરવાની સલાહ આપી હતી. આમાં હાઈડ્રોફાઈટ્સઃ ગ્રીન લંગ્સ ઓફ ગંગા વોલ્યુમ I અને II અને તાજા પાણીના મેક્રોફોનાના જૈવિક નમૂનાઓના સંગ્રહ, સંગ્રહ અને પરિવહન માટેના પ્રોટોકોલનો સમાવેશ થાય છે. આ પ્રકાશનો મજબૂત વૈજ્ઞાનિક પાયા અને મંત્રાલયના જૈવવિવિધતા સંરક્ષણના પ્રયાસોની વ્યવહારિક પ્રાસંગિકતાનું પ્રતિનિધિત્વ કરે છે. સમીક્ષામાં એવું બહાર આવ્યું છે કે એનએમસીજીના નેજા હેઠળ ડબલ્યુઆઈઆઈ દ્વારા એક સ્ટ્રક્ચર્ડ અને મલ્ટિડિસિપ્લિનરી કન્ઝર્વેશન પ્લાન શરૂ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ છ-પાંખિયા અભિગમ મારફતે ગંગા નદી માટે વિજ્ઞાન-આધારિત જળચર પ્રજાતિઓના સંરક્ષણની વ્યૂહરચના સ્થાપિત કરવાનો હતોઃ એક સમર્પિત સંરક્ષણ નિરીક્ષણ કેન્દ્રની રચના કરવી, જળચર પ્રજાતિઓના જીર્ણોદ્ધારનું આયોજન કરવું, સંસ્થાકીય ક્ષમતાનું નિર્માણ કરવું, બચાવ અને પુનર્વસન કેન્દ્રોની સ્થાપના કરવી, સમુદાય-આધારિત સંરક્ષણ કાર્યક્રમો શરૂ કરવા અને જૈવવિવિધતાના સંરક્ષણ અંગે શિક્ષણનો ફેલાવો કરવો. આ બેઠકની મુખ્ય વિશેષતા એ હતી કે જલ શક્તિ મંત્રાલય અને ડબલ્યુઆઈઆઈ હેઠળ વિકસાવવામાં આવેલા મહત્ત્વપૂર્ણ ડિજિટલ પ્લેટફોર્મ – ઈન્ફર્મેશન ડેશબોર્ડ www.rivres.in લોન્ચ કરવામાં આવી હતી. આ ડેશબોર્ડ ગંગા એક્વાલાઈફ કન્ઝર્વેશન મોનિટરિંગ સેન્ટર/ નેશનલ સેન્ટર ફોર રિવર રિસર્ચનો ભાગ છે, જે ગંગા, બરાક, મહાનદી, નર્મદા, ગોદાવરી, કાવેરી અને પંબા સહિત મુખ્ય ભારતીય નદીઓમાં ઈકોલોજીકલ ઈન્સાઈટ્સ, કન્ઝર્વેશન કેસ સ્ટડીઝ અને ફિઝિયોગ્રાફી, જૈવવિવિધતા અને સામુદાયિક જોડાણની પ્રવૃત્તિઓ પર માહિતી પ્રદાન કરે છે. સામુદાયિક જોડાણ એ આ સંરક્ષણ મોડેલનો પાયો રહ્યો છે. વનઅધિકારીઓ, પશુચિકિત્સકો, શાળાના શિક્ષકો, એનએસએસ સ્વયંસેવકો અને સ્થાનિક સમુદાયો સહિત હજારો હિતધારકોને ૧૩૦થી વધુ ક્ષમતા-નિર્માણ કાર્યક્રમો દ્વારા તાલીમ આપવામાં આવી છે. ૫,૦૦૦થી વધુ ગંગા પ્રહરીઓ, જેમાંની ઘણી મહિલાઓ છે, તેમને ફ્રન્ટલાઈન સંરક્ષણ સ્વયંસેવકો તરીકે કામ કરવા માટે એકત્રિત કરવામાં આવ્યા છે. તેમની સંડોવણીએ જૈવવિવિધતાના નિરીક્ષણમાં વધારો કર્યો છે, બચાવ કામગીરીને ટેકો આપ્યો છે અને સ્થાનિક કારભારીને મજબૂત બનાવી છે. જીપીએસ-સક્ષમ ડેટા કલેક્શન, સોનાર-આધારિત ડેપ્થ પ્રોફાઈલિંગ અને ઈકોલોજીકલ મોનિટરિંગ એપ્લિકેશન્સ જેવી અદ્યતન તકનીકોનો ઉપયોગ કરીને ૨૨ નદીઓમાં ૧૨,૦૦૦ કિલોમીટરને આવરી લેતા એક વિશાળ નદી સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. ઈકો-ટૂરિઝમ અને અન્ય પહેલ દ્વારા સ્થાનિક આજીવિકાને ટેકો આપતી વખતે ડોલ્ફિન અને તેમના રહેઠાણને બચાવવાના હેતુથી પ્રોજેક્ટ ડોલ્ફિન શરૂ કરવામાં આવી હતી. જલ શક્તિ મંત્રાલય અને વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા વચ્ચે સતત ભાગીદારી મારફતે ડેટા-સંચાલિત, સર્વસમાવેશક અને સ્થાયી તાજા પાણીની ઈકોસિસ્ટમના સંરક્ષણના પ્રયાસોને આગળ વધારવા માટે આભાર વ્યક્ત કરવા અને નવી પ્રતિબદ્ધતા સાથે સમીક્ષાનું સમાપન કરવામાં આવ્યું હતું.

ગુજરાતની MSME ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવા માટે સુરેન્દ્રનગર ખાતે ગુણવત્તા યાત્રા યોજાઈ

ગુણવત્તા યાત્રામાં નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાની વિશેષ ઉપસ્થિતિ

ગુણવત્તા યાત્રા MSME ને 'મેક ઈન ઈન્ડિયા' માંથી 'મેડ વિથ એક્સેલન્સ ઇન ઇન્ડિયા'માં પરિવર્તિત કરી શકે છે

ગુણવત્તા યાત્રા ગુજરાતની ઔદ્યોગિક સ્પર્ધાત્મકતા વધારવાની સાથે ગુજરાતને વિકસિત ભારત @2047 માટે તૈયાર કરવાનો પ્રયાસ -:નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણા

કમલમ્,સુરેન્દ્રનગર ગુજરાતના MSME ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવા સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રેસિડેન્ટ હૉટેલ ખાતે નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાની વિશેષ ઉપસ્થિતિમાં ગુણવત્તા યાત્રા યોજાઈ હતી.

આ ગુણવત્તા યાત્રામાં ઉદ્યોગ ક્ષેત્રના અગ્રણીઓ, ગુણવત્તા નિષ્ણાંતો, સરકારી અધિકારીશ્રીઓએ સાથે મળીને ટકાઉ ઔદ્યોગિક વિકાસ માટેના ઉપાયો વિશે ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, સુરેન્દ્રનગર જિલ્લો કાપડ અને મીઠા ઉદ્યોગોના કારણે દેશભરમાં પ્રખ્યાત છે. જિલ્લાની પ્રખ્યાત પટોળા સિલ્ક સાડીઓએ પણ પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. ત્યારે MSME માલિકોને સ્થાનિક ઉત્પાદન અને સેવાની ગુણવત્તા અને રાષ્ટ્રીય વિકાસ વચ્ચે સેતુ તરીકે કામ કરવા અનુરોધ કર્યો હતો. ગુણવત્તા એ પસંદગી નથી, તે ભારતની નિયતિ છે. ગુજરાત નવા ક્ષેત્રોમાં અગ્રણી પરિબળ તરીકે ઉભરી રહ્યું છે, ત્યારે હવે ગુણવત્તાયુક્ત ઉત્પાદનો અને સેવાઓ પૂરી પાડવાની આપણા સૌની જવાબદારી છે. ગુણવત્તા યાત્રાની વાત કરતા ઉમેર્યું હતું કે, ગુણવત્તા યાત્રા MSME એકમોને 'મેક ઈન ઈન્ડિયા'માંથી 'મેડ વિથ એક્સેલન્સ ઈન ઈન્ડિયા'માં પરિવર્તિત કરી શકે છે. આ યાત્રા ગુજરાતની ઔદ્યોગિક સ્પર્ધાત્મકતા વધારવાની સાથે ગુજરાતને વિકસિત ભારત @2047 માટે તૈયાર કરવાનો પ્રયાસ છે. આ વર્કશોપમાં બેક-ટુ-બેક ટેકનિકલ સેશનની શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં MSME માટે કાર્યકારી ઉત્કૃષ્ટતાને આગળ વધારવા માટે QCI દ્વારા ઓફર કરવામાં આવતા ગુણવત્તા સાધનો અને સેવાઓ, MSME મંત્રાલય અને MSME વિભાગ, ગુજરાત સરકારના અધિકારીશ્રીઓ દ્વારા સરકારી યોજનાઓ અને તેના લાભો, MSME માટે ZED, LEAN પ્રમાણપત્રો અને NABL માન્યતા પર હાઈલાઈટ્સ આપવામાં આવી હતી.

BIS, ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ (GPCB), ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) ના સંબંધિત અધિકારીશ્રીઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા શ્રમ કલ્યાણ, સામાજિક સુરક્ષા, કૌશલ્ય વિકાસ અંગેની માહિતી પણ પૂરી પાડવામાં આવી હતી. આ ગુણવત્તા યાત્રા રાજ્યભરમાં લગભગ ૫૫ દિવસ સુધી ચાલુ રહેશે, જે સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીધામ, જામનગર, મોરબી, સિદ્ધપુર, અમરેલી અને આણંદ જેવા મુખ્ય ઔદ્યોગિક કેન્દ્રો સહિત ૩૧ જિલ્લાઓ સુધી પહોંચશે અને ગુજરાતના ઉદ્યોગોમાં ગુણવત્તા અને શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવશે. આ યાત્રા રાજ્યભરના MSMEs માટે ZED, ISO અને LEAN જેવી યોજનાઓ અને પ્રમાણપત્રોને પ્રોત્સાહન આપશે. આ પહેલ ગુણવત્તાને રાષ્ટ્રવ્યાપી ચળવળ બનાવવાની અને ઉદ્યોગ અને નવીનતામાં પાવરહાઉસ બનવા તરફ ગુજરાત અને ભારતની સફરને ટેકો આપવાની QCI ની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરે છે. આ ગુણવત્તા યાત્રા એ ગુણવત્તા શ્રેષ્ઠતાની સફરમાં એક નવી શરૂઆત છે આ પ્રસંગે વઢવાણ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખશ્રી સુમિત પટેલ, ઝાલાવાડ ફેડરેશન ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના ઉપપ્રમુખ શ્રી વૈભવભાઈ ચોકસી, ઝાલાવાડ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ના પ્રમુખ શ્રી દિનેશભાઈ તુરખીયા, સુરેન્દ્રનગર ડી.આઈ.સી. જી.એમ શ્રી સતિષ પારેજિયા અને બી.આઈ.એસ., જી.પી.સી.બી., એફ.એસ.એસ.એ.આઈ., શ્રમ અને રોજગાર વિભાગના સિનિયર ઓફ ફિયાલ્સ અને ઔદ્યોગિક સલામતી અને આરોગ્ય નિયામક (DISH) શ્રી સહીત જુદાજુદા ઉદ્યોગ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વીસનગર ખાતે "એક રાષ્ટ્ર, એક ચૂંટણી" પ્રકલ્પ અંતર્ગત માર્ગદર્શન અર્થે એક વિશેષ સેમિનાર યોજાયો

કમલમ્ સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર ખાતે તારીખ ૧૭ એપ્રિલના રોજ વિકસિત ભારતના દ્રઢ સંકલ્પ સાથે ભારત સરકારના "એક રાષ્ટ્ર, એક ચૂંટણી" પ્રકલ્પ અંતર્ગત માર્ગદર્શન અર્થે એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્યના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉધ્યોગો, નાગરિક ઉડ્ડયન રાજ્ય કક્ષા મંત્રી માનનીયશ્રી જગદીશભાઈ પંચાલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે મહેસાણા જીલ્લા સાંસદ સભ્યશ્રી હરિભાઈ પટેલ, મહેસાણા જીલ્લા પ્રમુખશ્રી ગીરીશભાઈ રાજગોર, તથા મહેસાણા જીલ્લા પૂર્વસાંસદ સભ્ય માનનીય શારદાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ વિશેષ સેમિનારનું આયોજન આજના યુવાધનને ભારતદેશના લોકતંત્રને વધુ મજબૂત બનાવવા અને "એક રાષ્ટ્ર, એક ચૂંટણી"ની જરૂરિયાત અંગે માહિતગાર કરવાનો હતો. આ પ્રસંગે ગુજરાત સરકારના મંત્રીશ્રી જગદીશભાઈ પંચાલે ઉપસ્થિત વિદ્યાર્થીઓ, સ્ટાફ અને અન્ય આમંત્રિત મહેમાનોને ભારત દેશની આઝાદી થી અત્યાર સુધીના કાર્યકાળમાં યોજાતી વિવિધ ચૂંટણીઓ અને તે પાછળ થતા આર્થિક અને માનદ ખર્ચ તેમજ અવારનવાર યોજાતી ચૂંટણીઓને કારણે સરકાર અને સામાન્ય વ્યક્તિઓને પડતી મુશ્કેલીઓની માહિતી આપી હતી. વધુમાં તેમણે જણાવ્યુ હતું કે જો ભારતમાં "એક રાષ્ટ્ર, એક ચૂંટણી" લાગુ કરવામાં આવે તો તેનાથી દેશ અને સામાન્ય વ્યક્તિના વિકાસમાં અમુલ્ય ફાળો બની રહેશે. સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલે તેમના પ્રાસંગિક ઉદ્દબોધનમાં જણાવ્યુ હતું કે આજે જ્યારે સમગ્ર ભારત દેશ એક નવી વિકાસની દિશામાં આગળ વધી રહ્યો છે ત્યારે દેશના યુવાધનને રાષ્ટ્રના વિકાસમાં વધુમાં વધુ યોગદાન આપવા માટે અનુરોધ કર્યો હતો. આયોજીત કાર્યક્રમમાં નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રીઓ, વિસનગર તાલુકા તથા શહેરની સામાજીક તથા સહકારી સંસ્થાઓના આગેવાનો, સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ શ્રી, રજિસ્ટ્રારશ્રી, ડીનશ્રીઓ, સંલગ્ન સંસ્થાઓના પ્રિન્સિપાલશ્રીઓ અને ૩૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે મધ્યપ્રદેશના નીમચમાં સીઆરપીએફ ડેપરેડ- ૨૦૨૫ને સંબોધન કર્યું

CRPF એ છેલ્લા ૫ વર્ષમાં નક્સલવાદથી પ્રભાવિત વિસ્તારોમાં ૪૦૦થી વધુ ફોરવર્ડ ઓપરેટિંગ બેઝ સ્થાપિત કર્યા છે, જેના કારણે ૧૦ વર્ષમાં નક્સલ હિંસામાં ૭૦%થી વધુ ઘટાડો થયો છે



- કેન્દ્રીય ગૃહમંત્રીએ દેશની સુરક્ષા માટે 2,264 CRPF જવાનોના સર્વોચ્ચ બલિદાનને યાદ કરીને કૃતજ્ઞ રાષ્ટ્ર વતી તેમને શ્રદ્ધાંજલિ આપી
- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, કેન્દ્રએ તમામ CAPF માટે અનેક કલ્યાણકારી પગલાં લીધાં છે
- CRPF જવાનોએ હંમેશા દેશની એકતા અને અખંડિતતા જાળવવા માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું છે
- CRPFની કોબ્રા બટાલિયનને જોઈને ભયાનક નક્સલીઓ ધ્રુજી ઉઠે છે
- CRPFને કારણે, પશુપતિનાથથી તિરુપતિ સુધી લાલ આતંક ફેલાવવાનું સ્વપ્ન જોનારા નક્સલીઓ આજે ૪ જિલ્લાઓ સુધી સીમિત છે
- CRPF દેશને નક્સલવાદથી મુક્ત કરવામાં સૌથી મોટી ભૂમિકા ભજવશે
- CRPF એ માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વનું સૌથી મોટું અર્ધલશ્કરી દળ છે

કલમ ૩૭૦ નાબૂદ થયા પછી, જમ્મુ અને કાશ્મીરમાં શાંતિપૂર્ણ રીતે અને એક પણ ગોળી ચલાવ્યા વિના વિધાનસભા ચૂંટણીઓ યોજવાનું કાર્ય ઝઈઁહ્ અને અન્ય સુરક્ષા દળો દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું હતું

કમલમ્,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત્ શાહે મધ્ય પ્રદેશના નીમચ ખાતે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ) ડે પરેડને મુખ્ય અતિથિ તરીકે સંબોધન કર્યું હતું. આ પ્રસંગેમધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ.મોહન યાદવ અને સીઆરપીએફ ના મહાનિદેશક સહિત અનેક મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રીએ પોતાના સંબોધનમાં સીઆરપીએફના ૨,૨૬૪ જવાનોએ દેશની સુરક્ષા માટે આપેલા સર્વોચ્ચ બલિદાનને યાદ કર્યું હતું અને આભારી રાષ્ટ્ર વતી તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે કહ્યું હતું કે, ભારત વર્ષ ૨૦૪૭ સુધીમાં દરેક ક્ષેત્રમાં દુનિયામાં લીડર બનવા તરફ આગેકૂચ કરી રહ્યું છે અને સીઆરપીએફનાં શહીદ થયેલા જવાનોનાં બલિદાને આ લક્ષ્યાંક હાંસલ કરવામાં નોંધપાત્રપ્રદાન કર્યું છે. શ્રી શાહે કહ્યું હતું કે, સીઆરપીએફનાં શહીદોની બહાદુરીની અમર ગાથા આઝાદીનાં ૧૦૦ વર્ષનાં સુવર્ણ ગ્રંથમાં સુવર્ણ અક્ષારોમાં અંકિત થશે. તેમણે કહ્યું કે દેશની એકતા અને અખંડિતતા જાળવવા માટે સીઆરપીએફના જવાનોએ હંમેશાંસર્વોચ્ચ બલિદાનઆપ્યું છે. તેથી જ અશાંતિના સ્થળોએ સીઆરપીએફના જવાનોની હાજરીથી વિશ્વાસ વધે છે કે તેઓ ચોક્કસપણે વિજયી બનશે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૯માં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં બીજી ટર્મ માટે સરકાર બન્યાં પછી એવો નિર્ણય લેવાયો હતો કે, તમામ સુરક્ષા દળોનો સ્થાપના દિવસ દેશનાં વિવિધ વિસ્તારોમાં ઉજવવામાં આવશે. આ નિર્ણય અંતર્ગત આજે નીમચમાં સીઆરપીએફની આ વાર્ષિક પરેડનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે સીઆરપીએફના યોગદાનને દેશની સુરક્ષાથી અલગથી જોઈ શકાતુંનથી. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે કાશ્મીરમાં આતંકવાદીઓ સામે લડવાની વાત હોય, પૂર્વોત્તરમાં શાંતિ જાળવવાનીવાત હોય કે પછી નકસલીઓની ગતિવિધિઓને માત્ર ચાર જિલ્લા સુધીસીમિત રાખવાની વાત હોય, આપણા સીઆરપીએફના જવાનોએ આ તમામ ક્ષેત્રોમાં મહત્વનું યોગદાન આપ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે સીઆરપીએફની રચના ૧૯૩૯માં ક્રાઉન રિપ્રેઝન્ટેટિવ પોલીસના નામથી કરવામાં આવી હતી. આ ફોર્સને તેનું હાલનું નવું સ્વરૂપ અને ધ્વજ આપવાનું કામ દેશના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈપટેલે કર્યું હતું. તેમણે કહ્યું કે સરદાર પટેલે માત્ર સીઆરપીએફની સ્થાપના કરીઅને તેને ધ્વજ આપ્યો એટલું જ નહીં પરંતુ તેના ચાર્ટરને સ્પષ્ટ રીતે ઓળખવાનું કામ પણ કર્યું. સીઆરપીએફે સરદાર પટેલે બતાવેલા માર્ગપર એકલાંબીભવ્ય યાત્રા પૂર્ણ કરીછે. તેમણે જણાવ્યું હતુંકે, અત્યારે૨૪૮ બટાલિયન, ૪ઝોનલ હેડક્વાર્ટર્સ, ૨૧ સેક્ટર હેડક્વાર્ટર્સ, ૨ઓપરેશનલ સેક્ટર હેડક્વાર્ટર્સ, ૧૭ રેન્જ અને ૩૯ એડમિનિસ્ટ્રેટિવ રેન્જમાં દેશની શાંતિ અને સુરક્ષા માટે સીઆરપીએફનાં આશરે ૩ લાખ જવાનતૈનાતછે. શ્રીશાહે જણાવ્યું હતું કે, સીઆરપીએફને માત્ર ભારતમાં જ નહીં, પણ દુનિયામાં સૌથી મોટું અર્ધસૈનિક દળ હોવાનું ગૌરવ છે. શ્રી અમિતશાહે જણાવ્યું હતું કે, આઝાદીનાં ૭૬ વર્ષના ઈતિહાસમાં એવા અનેક પ્રસંગો બન્યા છે, જ્યારે સીઆરપીએફે દેશનાંસન્માન અનેગૌરવનું રક્ષણ કર્યું હોય. તેમણે કહ્યું કે ૨૧ ઑક્ટોબર ૧૯૫૯ના રોજ લદાખનાહોટ સ્પ્રિંગમાંચીની સેના સામે લડતા સીઆરપીએફના જવાનો શહીદ થયા હતાઅને તેથી જ દેશના તમામ પોલીસ દળો દર વર્ષે૨૧ ઓક્ટોબરને પોલીસ સ્મૃતિ દિવસ તરીકે ઉજવે છે. તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૮માં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ દેશભરમાં શહીદ થયેલા પોલીસજવાનો અને સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સીસ (સીએપીએફ)ની યાદમાં રાષ્ટ્રીય પોલીસ સ્મારકનું નિર્માણ કરીને હોટ સ્પ્રિંગની શહાદતને ગર્વભેર અમર કરીદીધી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતામંત્રીએ જણાવ્યું હતું કે, ૧૯૬૫માં કચ્છનારણમાંસરદાર પોસ્ટ ખાતે સીઆરપીએફના જવાનોને તૈનાત કરવામાં આવ્યા હતા જેમણે પાકિસ્તાની સેનાને જડબાતોડજવાબ આપ્યોહતોઅને એટલે જ દર વર્ષે ૯મી એપ્રિલે આખોદેશ શૌર્યદિવસની ઉજવણી કરે છે. તેમણે કહ્યું કે ૨૦૦૧માં આપણા લોકતંત્રના પ્રતિક સમાન સંસદ ભવન પર આતંકવાદીઓએ હુમલો કર્યો હતો જેને સીઆરપીએફે નિષ્ફળ બનાવ્યો હતો. આ જ રીતે ૨૦૦૫માં શ્રી રામજન્મભૂમિ પર આતંકી હુમલો થયો હતો અને સીઆરપીએફે આ હુમલાને નિષ્ફળ બનાવ્યો હતો અને મંદિરને સુરક્ષિત રાખ્યું હતું. શ્રી શાહે જણાવ્યું હતું કે, પશુપતિનાથથી તિરૂપતિ સુધી લાલ આતંક ફેલાવવાનું સ્વપ્ન જોનારા નક્સલવાદીઓ આજે ૪ જિલ્લાઓ સુધી મર્યાદિત છે, જેમાં સૌથી મોટું યોગદાન સીઆરપીએફનું છે. તેમણે કહ્યું કે, દેશને નક્સલવાદથી મુક્ત કરવામાં સીઆરપીએફની સૌથી મોટીભૂમિકા અને યોગદાન હશે. સીઆરપીએફની કોબરા બટાલિયનને આવતી જોઈને ભયાનક નકસલવાદીઓધ્રૂજી ઉઠે છે. તેમણે કહ્યું હતું કે, કોબ્રા બટાલિયન નાં નેતૃત્વમાં સીઆરપીએફનાંઅન્ય જવાનોએ નક્સલવાદને નાબૂદકરવામાં મોટું યોગદાન આપ્યું છે. ગૃહમંત્રીએ કહ્યું કે, ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી દેશમાંથી નક્સલવાદને હંમેશા માટે ખતમ કરી દેવામાં આવશે અને આ લક્ષ્ય સીઆરપીએફની તાકાત પર નક્કી કરવામાં આવ્યું છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, કલમ ૩૭૦ નાબૂદ થયા પછી કાશ્મીરમાં શાંતિ જાળવવાની વાત હોય કેપછી દરેક ચૂંટણી શાંતિપૂર્ણ રીતે સંપન્ન કરવાની વાત હોય, સીઆરપીએફનાં જવાનોએ દરેક જગ્યાએ ખરા દિલથી પોતાની ફરજ અદા કરી છે. તેમણે કહ્યું કે કલમ ૩૭૦ હટાવ્યા બાદ કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી યોજાઈ હતીઅને તેસમયે લોકોને અનેક પ્રકારની આશંકાઓ હતી, પરંતુ આપણાસીઆરપીએફ અને અન્ય સુરક્ષા દળોએ સુરક્ષા સુનિશ્ચિત કરી હતીઅને નતો એક બૂથને લૂંટવાના સમાચાર મળ્યા હતા કે ન તો એક પણ ગોળીના ફાયરિંગના સમાચાર મળ્યા હતા. શ્રી શાહે જણાવ્યુંહતું કે, આ બહુ મોટી ઉપલબ્ધિ છે. તેમણે કહ્યું કે સીઆરપીએફે છેલ્લા ૫ વર્ષમાં નકસલ પ્રભાવિત વિસ્તારોમાં ૪૦૦થી વધુ ફોરવર્ડ ઓપરેટિંગ બેઝ સ્થાપિત કર્યા છે અને તેના કારણે૧૦ વર્ષમાંનકસલી હિંસામાં ૭૦ ટકાથી વધુનો ઘટાડો થયો છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે સીઆરપીએફના જવાનોએ શ્રીલંકા, હૈતી, કોસોવો અને લાઈબેરિયા સહિત ઘણા સ્થળોએ સંયુક્ત રાષ્ટ્રના શાંતિ અભિયાનો હેઠળ શાંતિસ્થાપિત કરવામાટે કામ કર્યુંછે. તેમણેકહ્યું કેઅત્યાર સુધીમાં સીઆરપીએફને કુલ ૨,૭૦૮ જુદા જુદા ચંદ્રકોપ્રાપ્ત થયા છે જે તમામ સીએપીએફમાંસૌથી વધુછે. તેમણે કહ્યું હતુંકે, અમરનાથયાત્રા હોય, માતા વૈષ્ણોદેવી યાત્રા હોય, રામજન્મભૂમિની સુરક્ષા હોય, કૃષ્ણ જન્મભૂમિની સુરક્ષા હોય કે પછી મહા કુંભનો પ્રસંગ હોય, સીઆરપીએફના જવાનોએ દરેક જગ્યાએ ત્વરિતતા સાથે કાયદો અને વ્યવસ્થા જાળવવાના પોતાના સંપૂર્ણ પ્રયાસોનું યોગદાન આપ્યું છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, સીઆરપીએફએ સ્વચ્છ ભારત, હર ઘર તિરંગા, એક ભારત, શ્રેષ્ઠ ભારત, સ્વચ્છતાહી સેવા, એક પેડ મા કે નામ જેવા અનેક અભિયાનોને સારી રીતે અમલમાં મૂક્યાંછે અને એ પણ સાબિત કર્યું છે કે સીઆરપીએફ દેશ અને સમાજ માટે કામ કરવામાટે હંમેશા સતર્ક મોડમાં હોય છે. તેમણે કહ્યું કે તમામ સીએપીએફ દ્વારા છેલ્લા ૫ વર્ષમાં ૫ કરોડ છોડ રોપવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. ગૃહમંત્રીએ કહ્યું કે, આ અભિયાન અંતર્ગત તેમણે પોતે ગુરુગ્રામના સીઆરપીએફ ગ્રુપસેન્ટરમાં પ્રથમ રોપાનું વાવેતર કર્યું હતું, સીઆરપીએફ નાંદેડ કેમ્પસમાંએક કરોડમાં રોપાનું વાવેતર કરવામાં આવ્યું હતું, ઉત્તર પ્રદેશના સીઆરપીએફ કેમ્પમાં ચાર કરોડમાં રોપાનું વાવેતર કરવામાં આવ્યું હતું અને આજે ૬ કરોડથી વધુરોપાઓનું વાવેતર કરીને તમામ સીએપીએફે પર્યાવરણ અંગે જાગૃતિ લાવવાનું કામ કર્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભારત સરકારે તમામ સીએપીએફનાં કલ્યાણ માટે કેટલાંક પગલાં લીધાં છે. તેમણે કહ્યું કે દેશના ૭ અંતરિયાળ વિસ્તારોમાંએર કુરિયર સેવા શરૂ કરવામાં આવીહતી અને તાજેતરમાં ભારત સરકારે પણ પગાર અને ભથ્થામાં સતત સુધારા માટેઆઠમાપગાર પંચની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું હતું કે, અત્યારે સીએપીએફનાં કર્મચારીઓ અને તેમનાં પરિવારજનોમાટે ૪૨ લાખથી વધારે આયુષ્માન સીએપીએફ કાર્ડઆપવામાંઆવ્યાં છે, જે અંતર્ગત અત્યારે હજારો હૉસ્પિટલો ઉપલબ્ધ છે. તેમણે જણાવ્યું હતું કે, આવાસ યોજના અંતર્ગત આવાસ સંતોષ ગુણોત્તરમાં આશરે ૯.૫ ટકાનો વધારો થયો છે, સીએપીએફ ઈ-હાઉસિંગ વેબ પોર્ટલ શરૂ કરીને ૬.૫લાખસીએપીએફ કર્મચારીઓને ખાલી મકાનો આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે અને એક લાખથી વધુ મકાનોની ફાળવણી પણ કરવામાંઆવીછે. તેમણે કહ્યું કે હવે દળોમાંમહિલાઓની ભરતી પણ કરવામાં આવી રહી છે અને તેમના માટે ૧૨૪ બેરેકને મંજૂરી આપવામાંઆવી છે, જેમાંથી ૧૦૯ બનાવવામાં આવી છે અને ગૃહ મંત્રાલયે વધુ ૪૫૦ બેરેક બનાવવાનો નિર્ણય લીધો છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શિષ્યવૃતિ યોજના હેઠળ સીએપીએફ કર્મચારીનાં બાળકોને શૈક્ષણિક સુવિધાઓ પ્રદાન કરવામાંઆવી છે, કેન્દ્રીય અનુગ્રહ રાશિ સાયન્ટિફિક બનાવવામાં આવી છે, વિકલાંગતાની અનુગ્રહ રાશિમાં ૫૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે અને સેન્ટ્રલ પોલીસ વેલ્ફેર સ્ટોર્સને પણ ૧૧૯ માસ્ટર સ્ટોર્સ અને ૧૭૯૪ સબ-સ્ટોર્સ મારફતે વધુ જનલક્ષી બનાવવામાંઆવ્યાં છે.

ખાનગી અને કોર્પોરેટ સુરક્ષા ઉદ્યોગને લાભ થાય અને વિસ્તૃત સુરક્ષા માટે સીઆઈએસએફ-આરઆરયુ સહયોગ

રાષ્ટ્રીય સુરક્ષા અને પોલિસિંગના ક્ષેત્રમાં સરકાર-શૈક્ષણિક સંસ્થાઓ-ઉદ્યોગ ભાગીદારી માટે એક નવો અધ્યાય

કમલમ્,

"ખાનગી ઔદ્યોગિક અને ઉત્પાદન ક્ષેત્રો માટે સુરક્ષાનાં પગલાં વધારવા માટે ખાનગી સુરક્ષા એજન્સીઓ અને કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (સીઆઈએસએફ) વચ્ચે જોડાણ" સીઆઈએસએફના ૫૬મા સ્થાપનાદિવસ દરમિયાન માનનીય કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે ભારપૂર્વક જણાવ્યું હતું. "જ્યારેસીઆઈએસએફ જેવી સરકારી સુરક્ષા એજન્સીઓ નિર્ણાયક ભૂમિકાભજવે છે, ત્યારે તેઓએકલા આખા દેશમાં સુરક્ષાનું સંચાલન કરી શકતા નથી" તે ધ્યાનમાંલેતા, તેમણે "ધીમે ધીમે સંક્રમણનું સૂચનકર્યું હતુંજ્યાંવ્યાપક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ખાનગી સુરક્ષા કંપનીઓ સાથે જવાબદારીઓ વહેંચી શકાય છે". કેન્દ્રીય ગૃહ મંત્રીઅને ભારત સરકારનાં અભિયાનને ધ્યાનમાં રાખીને તથા રાષ્ટ્રીય સુરક્ષા અને પોલીસનાં ક્ષેત્રમાં મિશન કર્મયોગી સાથે સમન્વય સ્થાપિત કરવા માટે આરઆરયુ અને સીઆઈએસએફ સાથે મળીને સીઆઈએસએફનાં જવાનોની ક્ષમતાઓને મજબૂત કરવા માટે એકજૂથ થયાંછે, જેથી તેઓ તેમની વિશિષ્ટ જરૂરિયાતો પૂર્ણ કરે અને ખાનગીને લાભ થાય તે માટે સીઆઈએસએફની શ્રેષ્ઠ પદ્ધતિઓનું આદાન-પ્રદાનકરી શકાય.

કોર્પોરેટ અને ઉદ્યોગ સુરક્ષા ઉદ્યોગ.

સીઆઈએસએફ, વિશ્વનું સૌથી મોટું ઔદ્યોગિક સુરક્ષા દળ છે, જેમાં ૧,૮૮,૦૦૦ જવાનોનો સમાવેશ થાય છે, જે ભારતના સૌથી મહત્વપૂર્ણ માળખાના ૩૫૯થી વધુ મથકોને ગૌરવપૂર્ણ સુરક્ષા સેવાઓપ્રદાન કરે છે, જેમાંપરમાણુ મથકો, અવકાશમથકો, એરપોર્ટ્સ, દરિયાઈ બંદરો, પાવર પ્લાન્ટ્સવગેરે જેવીસુવિધાઓ શામેલ છે, તેણે ૧૯૬૯ માં તેનીસ્થાપનાથી લઈને અત્યાર સુધીમાંતેના "સંરક્ષણ અને સુરક્ષા" સૂત્રને સમર્થન આપ્યું છે. વ્યાવસાયિકતા અને સમર્પણના સીઆઈએસએફ સુરક્ષા અને સુરક્ષામાપદંડો એ સુનિશ્ચિત કરે છે કે મહત્વપૂર્ણ સરકારી ઈમારતો, આઈકોનિક હેરિટેજ સ્મારકો, દિલ્હી મેટ્રો, સંસદ ભવન સંકુલ, વીઆઈપી ભારતનાવધતા કૌશલ્યમાં યોગદાન આપવા સક્ષમ છે. આરઆરયુ, રાષ્ટ્રીય મહત્વની સંસ્થા, જે હવે તાલીમ, સંશોધન, શિક્ષણ, વિસ્તરણ વરસાદ, વિસ્તરણ, પરામર્શઅને નવીનતાનુંઘર બની ગઈ છે, ભારતની રાષ્ટ્રીય સુરક્ષા અને પોલીસ સંસ્થાઓ- રાજ્ય પોલીસ સંસ્થાઓ, કેન્દ્રીય પોલીસ સંસ્થાઓ, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો અને સશસ્ત્ર દળો માટેનું ઘર, સીઆઈએસએફ સાથે મળીને કામ કરશે અને ખાનગી ક્ષેત્રમાં વ્યાવસાયીકરણના ઉચ્ચ ધોરણોમાંફાળોઆપશે. દેશને દૂરંદેશી લાભો આપવા માટે આરઆરયુના વાઈસ ચાન્સેલર ડો. બિમલ એન. પટેલે આ નવા પ્રકરણનો મુસદ્દો તૈયાર કરવાબદલ કેન્દ્રીય ગૃહ પ્રધાન, કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને સીઆઈએસએફના નેતૃત્વનોઆભાર વ્યક્ત કર્યો હતો, જેને માનનીય પ્રધાનમંત્રીએ "આત્મસુરક્ષિત અને સક્ષમ ભારત" માં આર.આર.યુ.ના યોગદાનતરીકે બિરદાવ્યું હતું. આરઆરયુ-સીઆઈએસએફ જોડાણ હેઠળ, આરયુ સંશોધન, શિક્ષણ અને વિસ્તરણ સેવાઓ પર કેન્દ્રિત વિવિધ કાર્યક્રમો મારફતે સીઆઈએસએફની ચોક્કસતાલીમ અનેકાર્યકારી જરૂરિયાતોનું મૂલ્યાંકન કરશે અને તેનું સમાધાન કરશે. આ ભાગીદારી બંને સંસ્થાઓને ખાસ કરીને સીઆઈએસએફના કર્મચારીઓ માટે શૈક્ષણિક અને સંશોધન કાર્યક્રમોની ડિઝાઈન તૈયાર કરવા અને ઓફર કરવા સક્ષમ બનાવશે.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી કેટલીક મહત્ત્વપૂર્ણ પ્રવૃત્તિઓહાથ ધરશે:

૧. તાલીમ અકાદમીઓને મજબૂત બનાવવીઃ સીઆરયુસીઆઈએસએફ દ્વારા ઉપયોગમાં લેવાતી તાલીમ એકેડેમી અને કેન્દ્રોની કાર્યકારી કાર્યદક્ષાતા અને અસરકારકતામાં સુધારો કરવામાં મદદ કરવા માટે તેનું વિશેષ જ્ઞાન પ્રદાન કરશે.

૨. સંયુક્ત શૈક્ષણિક પહેલોઃ બંને સંસ્થાઓ વિવિધ ઓનલાઈન અને ઓફલાઈન પ્રવૃત્તિઓની ડિઝાઈન અને અમલીકરણ માટે જોડાણ કરશે. તેમાં વ્યાખ્યાનો, કાર્યશાળાઓ, સેમિનારો અને ટૂંકા ગાળાના તાલીમ કાર્યક્રમોસામેલ હશે, જે સીઆઈએસએફના જવાનોની ચોક્કસ જરૂરિયાતો પૂર્ણ કરવા તૈયાર કરવામાં આવશે.

૩. ક્ષમતા નિર્માણ કાર્યક્રમોઃ આ ભાગીદારીમાં આઈજીઓટી પ્લેટફોર્મ મારફતે ક્ષમતાનિર્માણ તાલીમ કાર્યક્રમો પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જેથી સીઆઈએસએફના જવાનોને તેમની ભૂમિકાને અનુરૂપઅદ્યતન તાલીમ મળીરહે તે સુનિશ્ચિત થશે.

૪. આ સહિયારા પ્રયાસથી સીઆઈએસએફના જવાનોના કૌશલ્ય સેટ અને નોલેજ બેઝમાં વધારો થવાની અપેક્ષા છે, જે ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રોમાં સુરક્ષા જાળવવામાં તેમની અસરકારકતામાં પ્રદાન કરશે

૫. તેમની સંયુક્ત કુશળતા અને સંસાધનોનોઉપયોગ કરીને, આરઆરયુ અને સીઆઈએસએફનો ઉદ્દેશ કઠોર સંશોધન દ્વારા સમર્થિત નવીન સમાધાનો મારફતે સુરક્ષા ક્ષેત્ર દ્વારા સામનો કરવામાં આવતા પડકારોનો સામનો કરવાનો છે.

૬. ઈન્ટર્નશિપ્સ અને ફિલ્ડવર્ક : સીઆઈએસએફ આરઆરયુના વિદ્યાર્થીઓ, સંશોધકો, સંશોધકો અને ફેકલ્ટીને ઈન્ટર્નશિપ અને ફિલ્ડવર્કમાં જોડાવાની તક પ્રદાન કરશે. આ પ્રાયોગિક શિક્ષણ પરસ્પર સંમત સંદર્ભની શરતોની આસપાસ રચાયેલ હશે જે સુરક્ષા કામગીરીની વ્યાપક સમજની ખાતરી આપે છે.

૭. વ્યાખ્યાનો અને અભ્યાસક્રમો : ઈન્ટર્નશિપ ઉપરાંત, સીઆઈએસએફ આરઆરયુ સહભાગીઓમાટે વ્યાખ્યાનો અને અભ્યાસક્રમોની સુવિધા પણ આપશે. આ શૈક્ષણિક સત્રો સૈદ્ધાંતિક જ્ઞાનને વધારવા માટે બનાવવામાં આવ્યા છે જ્યારે સુરક્ષા ક્ષેત્રમાં વાસ્તવિક-વિશ્વની એપ્લિકેશનોની આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે.

૮. શૈક્ષણિક સહાય ઉપરાંત આરઆરયુ સમર્પિત સંશોધન અને ડિઝાઈનના પ્રયાસો મારફતે સીઆઈએસએફ દ્વારા ઓળખ કરવામાં આવેલી ચોક્કસ સમસ્યાનું સમાધાન કરવામાં પ્રદાન કરશે. આ પહેલ નવીનતા અને સ્વદેશીકરણ પ્રક્રિયાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે જે વિચારધારાથી વ્યવહારિક એપ્લિકેશન સુધી ફેલાયેલી છે. આ સહયોગથી અસરકારક ઉકેલો મળવાની અપેક્ષા છે જે સીઆઈએસએફની ઓપરેશનલ ક્ષમતાઓમાં વધારો કરે છે જ્યારે આરઆરયુમાંશૈક્ષણિક વાતાવરણમાં પણ ફાળોઆપે છે.

આભાગીદારીથીખાનગી, ઔદ્યોગિક અને કોર્પોરેટ સુરક્ષાને નોંધપાત્રલાભ થશે. આરઆરયુ ૫૬માં સ્થાપના દિવસ પર માનનીય કેન્દ્રીય ગૃહ પ્રધાનદ્વારા નિર્ધારિત સીઆઈએસએફના વિઝન અને મિશનને સાકાર કરવામાટે ત્રિપક્ષીય રાઉન્ડ-ટેબલનું આયોજન કરવાની યોજના ધરાવે છે. આર.આર.યુ.એ સહકારની અનુભૂતિ માટે એકસમર્પિત એકમ નિયુક્ત કર્યુંછે. RRU અને CISF વચ્ચેના MoU દ્વારા પરિકલ્પિત સહયોગ પર RRUનાવાઈસ ચાન્સેલર પ્રો (ડૉ) બિમલ એન. પટેલઅને CISFનાઈન્સ્પેક્ટર જનરલ (તાલીમ) શ્રી દિનેશ પ્રતાપ પરિહાર દ્વારા શ્રી આદિત્ય આર. પુરોહિત, RRU અને શ્રી બિરેન કુમાર સેઠી, કમાન્ડન્ટ (તાલીમ), CISF, સહિત અન્ય લોકોની હાજરીમાં બુધવાર, ૧૬ એપ્રિલ ૨૦૨૫ના રોજ CISF મુખ્યાલય ખાતે હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. CISFના ડિરેક્ટર જનરલ શ્રી રાજવિંદર સિંહ ભટ્ટીએ તેમની પ્રશંસા વ્યક્ત કરી હતી અને ભવિષ્યમાં RRUની મુલાકાત લેવા આતુરતા દર્શાવી હતી.

નેશનલ હેરાલ્ડ કૌભાંડ સંદર્ભે કોંગ્રેસ પાર્ટી સામે ભારતીય જનતા પાર્ટી - સુરત મહાનગર દ્વારા વિરોધ પ્રદર્શન

કમલમ્,

નેશનલ હેરાલ્ડ કેસમાં જેમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી જમાનતપર છે તેમાં ઈડીદ્વારા એક ચાર્જશીટ ફાઈલ કરવામાંઆવી છે, જેમાં સોનીયા ગાંધી, રાહુલ ગાંધી સહિત રાહુલ ગાંધીના રાજકીય સલાહકાર સેમ પિત્રોડા, સોનિયા ગાંધીના સુમંત દુબે સહિત સાત લોકોને આરોપી બનાવ્યા છે. ઉપરોક્ત નેશનલ હેરાલ્ડ કૌભાંડની વિરુદ્ધમાં કોંગ્રેસ પાર્ટી સામે ભારતીય જનતા પાર્ટી - સુરત મહાનગર દ્વારા વિરોધ પ્રદર્શન યોજવામાંઆવ્યું હતું. સુરત શહેર પ્રમુખ શ્રી પરેશ પટેલે તેમના ઉદબોધનમાં કહ્યુંહતુંકે ૧૯૩૮માં નેશનલ હેરાલ્ડ અખબાર શરૂ કરવામાંઆવ્યું હતું. આઝાદી પછી અખબારની આર્થિક હાલત બગડતી ગઈ અને કોંગ્રેસ દ્વારા નેશનલ હેરાલ્ડની પિતૃ સંસ્થા એસોસિયેટેડ જનરલ લિમિટેડ કંપનીને ૯૦ કરોડની લોન આપવામાંઆવી હતી. ઈડીનો દાવો છે કે એક સોચી સમજી સાજિશમાં કોંગ્રેસદ્વારા નેશનલ હેરાલ્ડની પિતૃ સંસ્થા એસોસિયેટેડ જનરલ લિમિટેડ કંપનીને ૯૦કરોડની લોન આપવામાં આવીઅને પછીએ ૯૦ કરોડની લોનને શેરમાં કન્વર્ટ કરી દીધા અને પછી આ બધા જ શેર સોનિયાગાંધી અને રાહુલ ગાંધીની કંપની યંગ ઈન્ડિયાને ૫૦ લાખ રૂપિયાના બદલામાં આપી દીધા અને નેશનલ હેરાલ્ડની પ્રોપર્ટી બજારકિંમત ૨૦૦૦ કરોડ રૂપિયા છે. યંગ ઈન્ડિયા કંપની કે જેમાં ૭૬% હિસ્સો સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના નામે હતો અને ૨૪% હિસ્સો કોંગ્રેસના અન્ય નેતા મોતીલાલ વોરા અને ઓસ્કર ફર્નાડિઝ પાસે હતો.

એસોસિયેટેડ જનરલ લિમિટેડ એક પબ્લિક લિમિટેડ કંપની હતી અને તેમાં ૫૦૦૦ થી વધારે સ્વતંત્રતા સેનાનીઅને અન્ય નિવેશકારોના પૈસા હતા, તેમની સંમતિ વિના પ્રોપર્ટી ટ્રાન્સફર કરી દેવામાં આવી જે ખોટું હતું. યંગ ઈન્ડિયા જે એક નોન પ્રોફીટ કંપની હતી જેને એસોસિયેટેડ જનરલ લિમિટેડ કંપનની પ્રોપર્ટીનો ઉપયોગ વ્યવસાયિક ધોરણે કરી નફો મેળવ્યો જે સદંતર ખોટું છે સુરત શહેરના મેયર શ્રીદક્ષેશ માવાણીએ જણાવ્યું હતું કે સોનિયાગાંધી અને રાહુલ ગાંધી દ્વારા ૨૦૦૦ કરોડની પ્રોપર્ટી પર સાજીશ કરીને કબજો કરવામાંઆવ્યો જે પ્રોપર્ટી નેશનલ હેરાલ્ડ અખબારની હતી સાથે તેમના ઉપર ૪૪૦કરોડ રૂપિયાની ઈનકમ ટેકસ ચોરીનોપણ આરોપ છે.

ઉપરોક્ત પ્રસંગે સુરત શહેર ભાજપ મહામંત્રી શ્રી કાળુભાઈ ભીમનાથ, સુરત શહેરના ધારાસભ્ય શ્રી મનુભાઈ પટેલ, શ્રી પ્રવીણભાઈ ઘોઘારી, સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર શ્રી નરેન્દ્ર પાટીલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી રાજન પટેલ, શાસક પક્ષનેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી, દક્ષિણ ગુજરાતના મીડિયા કન્વીનર શ્રી રાજેશ દેસાઈ, નગરસેવકશ્રીઓ, ભાજપના વરિષ્ઠ અને આગેવાન કાર્યકતાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.